સંધણી:

કચ્છી હાથવણાટની ઉધડતી ક્ષિતિજો

ચાવીરૂપ તારણો અને વિશ્લેષણ

Sandhani

Weaving Transformations in Kachchh, India

Key Findings and Analysis

સંધણી:

કચ્છી હાથવણાટની ઉઘડતી ક્ષિતિજો

ચાવીરૂપ તારણો અને વિશ્લેષણ

સપ્ટેમ્બર, ૨૦૧૯

કચ્છના વણકરો સાથે કલ્પવૃક્ષ અને ખમીર

પ્રકાશક:
કચ્છના વણકરો અને ખમીરના સહયોગથી કલ્પવૃક્ષ દ્વારા પ્રકાશિત

અભ્યાસની ટીમ:
દુર્ગાલક્ષ્મી વેંકટસ્વામી, ઘટિત લહેરુ, જુહી પાંડે, સુષ્મા આચેંગર (ખમીર)
અશીષ કોઠારી, કંકના ત્રિવેદી, રાધિકા મુલય, અર્પિતા લુલ્લા (કલ્પવૃક્ષ, શામજી વિશ્રામ સીજુ, મેઘજી હરજી વણકર, મુરજી હમીર વણકર, રામજી હીરાભાઈ મહેશ્વરી, નારણ માંડણ સીજુ (કચ્છના વણકરોના પ્રતિનિધિઓ)
મીરાં ગોરડિયા, અરુણ દીક્ષિત (વિષય નિષ્ણાંત)
સુરજ જેકબ (સલાહકાર)

સહભાગી વિડીયો બનાવનાર ટીમ:
ચંપા કિશોર સીજુ, બાદલ મહેશ્વરી, જીગર કરશનભાઈ બુચિયા, પ્રકાશ હીરાલાલ બુચિયા (વણકર સમુદાયના યુવાનો)
દ્રષ્ટિ મીડિયા
અર્પિતા લુલ્લા (કલ્પવૃક્ષ)

સર્વેની ટીમ:
ખમીરના ઇન્ટર્ન, પી. ડી. પી. યુ.ના વિદ્યાર્થીઓ
જીગર વૈદ્ય, પ્રતાપ પરમાર, રંજન લાખાણી (ખમીર સ્ટાફ)
કે–લીંક
સાત્વિક્ષ

આલેખન:

અશીષ કોઠારી, દુર્ગાલક્ષ્મી વેંકટસ્વામી, ઘટિત લહેરુ, અરુણ દીક્ષિત, કંકના ત્રિવેદી, રાધિકા મુલય
(સુરજ જેકબ અને મીરાં ગોરડિયા પાસેથી મળેલા ઈનપુટના આધારે)
ફોટોગ્રાફ: અશીષ કોઠારી, અર્પિતા લુલ્લા, કંકના ત્રિવેદી
ડીઝાઇન, લે-આઉટ અને પ્રિન્ટીંગ: મુદ્રા, ૩૮૩, નારાયણ પેઠ, પુણે
મુખ્ય પેજ પરનો ફોટોગ્રાફ: અશીષ કોઠારી
મુખ્ય પેજની ડીઝાઇન: મારીએલ્લા ઇવાનજેલીસ્ટા

ઉદ્ધરણ (નોંધ):

અશીષ કોઠારી, દુર્ગાલક્ષ્મી વેંકટસ્વામી,ઘટિત લહેરુ,અરુણ દીક્ષિત, કંકના ત્રિવેદી, રાધિકા મુલય (૨૦૧૯) સંધણી: કચ્છ, ભારતના હાથશાળના વણકરોમાં આવેલ પરિવર્તન, ભારત, કલ્પવૃક્ષ, પુણે, ખમીર, ભુજ અને કચ્છના વણકરો.

આઈ.એસ.બી.એન.: 978-81-87945-84-0

કોપીરાઇટ: આ કામના કોઈજ મુદ્રણાધિકાર (કોપીરાઇટ) નો દાવો કરવામાં આવેલનથી. તમેવિષયવસ્તુ માં ફેરફાર કર્યા વિના તેની નકલ કરવા, અનુવાદ અને વિતરણ કરી શકો છો. અમારી તમને વિનતિ છે કે, આવું લખાણ કરતી વખતે મૂળસ્ત્રોતનો ઉલ્લેખ કરવામાં આવેઅને તમારા પુનઃમુદ્રિત કેઅનુવાદિત અહેવાલની નકલ અમને મોકલવામાં આવે.

પ્રોજેક્ટઃ આ અભ્યાસ ધ એકેડમિક-એક્ટિવિસ્ટ કો-જનરેશન ઑફ નોલેજ ઓન એનવાઇરોનોમેન્ટ અથવા ACKnowl-EJ (www.acknowlej.org) નામના આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટનો હિસ્સોn છે કે જે એ કશન અને સંશોધનમાં સામેલ વિદ્વાનો અને ચળવળકારી ઓ નું નેટવર્ક છે કે જેનો લક્ષ્ય જન્મથી થતા પ્રતિકાર માંથી નિષ્કર્ષ અને વિકલ્પોને સામુદાયિક પ્રતિક્રિયાઆ પનાર પરિવર્તન નું વિશ્લેષણ કરે છે. આ પ્રોજેક્ટ ને ઇન્ટરનેશનલ સાયન્સ કાઉન્સિલ (https://www.council.science),દ્વારા મદદ કરવામાં આવી હતી, જેના માટેનું ભંડોળ સિડા - ધ સ્વિડિશ ઇનટરનેશનલ ડેવલોપમેન્ટ કૉ-ઓપરેશન એજન્સી (એસ.આઇ.ડી.એ.) તરફથી આપવામાં આવ્યું છે.

અનુક્રમણિકા

સારાંશ **૧**

૧. પ્રસ્તાવના **3**

૨. પધ્ધતિ **૫**

૨.૧ વૈચારિક માળખું ૫

૨.૨ ઉપયોગમાં લેવામાં આવેલ પધ્ધતિઓ અને પ્રક્રિયાઓ ૬

૨.૩ મર્યાદાઓ ૬

3. પરિવર્તનો : અભ્યાસનાં તારણો **૧૧**

3.૧. પૂર્વભૂમિકા ૧૧

3.૨ સંક્ષિપ્ત ઇતિહાસ ૧૪

3.3 વિવિધ આયામોમાં પરિવર્તનો ૧૬

3.3.૧ આર્થિક ક્ષેત્ર ૧૭

3.3.૨ સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્ર ૨૧

3.3.3 પારિસ્થિતિક ક્ષેત્ર ૨૫

3.3.૪ રાજકીય ક્ષેત્ર ૨૯

3.3.૫ જ્ઞાન, સર્જનાત્મકતા અને નવીનતા 30

૪. મહત્વનાં તારણો, બોધપાઠો અને પ્રતિબિંબો **33**

૪.૧ સામાન્ય તારણો 33

૪.૨ રૂપાંતરના સમર્થકો 3૮

૪.3 રૂપાંતરોને ખોલીને બહાર કાઢવાં 39

૪.3.૧ પરિવર્તનના પ્રકાર 3૯

૪.3.૨ માનવ સંસ્થાનો સ્વભાવ/પ્રકૃતિ ૪૦

૫. ભવિષ્ય **૪3**

સંદર્ભો **૪૪**

સારાંશ

હાથશાળ વણાટનાં એકંદર પૂનરુત્થાન સાથે સંકળાયેલ કચ્છ, ગુજરાત, ભારતના વણકર સમુદાયની આજીવિકામાં, જ્યારે તે એકદમ ઘટી રહી હતી ત્યારે તેમાં થતાં પરિવર્તનના બહુઆયામોનો આ એક અભ્યાસ છે. વૈકલ્પિક પરિવર્તન પ્રારૂપ તરીકે ઓળખાતા વિશ્લેષણાત્મક સાધનનો ઉપયોગ કરીને, સહભાગી પ્રક્રિયા અને પધ્ધતિઓનો ઉપયોગ કરીને આ અભ્યાસે એક સમુદાયનાં જીવનમાં થતા આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, રાજકીય અને પારિસ્થિતિક ક્ષેત્રના બદલાવોનું મૂલ્યાંકન કર્યું. આવા બદલાવોને વૈકલ્પિક પરિવર્તનની દિશા તરફનો એટલેકે, ન્યાય અને ટકાઉપણા તરફનો યોજનાબધ્ધ કે માળખાંકીય બદલાવ/પલટો કહી શકાય કે કેમ તેનો ખ્યાલ કર્યો.

આ અભ્યાસ ત્રણ ભાગીદારો વચ્ચેનો સહયોગ છે; કલ્પવૃક્ષ, ખમીર અને તેના કેટલાક વરિષ્ઠ સભ્યો દ્વારા જેનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે તે વણકર સમુદાય. કલ્પવૃક્ષ માટે તે વૈશ્વિક પરિયોજના ‘ એકેડેમિક-એક્ટીવિસ્ટ કો જનરેશન ઓફ નોલેજ ઓન એન્વાયરોનમેન્ટ જસ્ટીસ’ દ્વારા હાથ ધરવામાં આવેલ કેટલીક ઉદાહરણ સમીક્ષા અભ્યાસો પૈકીનો એક છે. (www.acknowlej.org). કચ્છના વણકરો સાથે સઘન કાર્ય કરતાં, આવી રહેલાં પરિવર્તનને સમજવાની ઇચ્છા રાખતાં, તેનાં પોતાનાં કાર્યનું પ્રતિબિંબ મેળવવા માટે કાર્યરત સ્થાનિક સંગઠન તરીકે ખમીર તે પ્રક્રિયામાં જોડાયું.

આ અભ્યાસમાં જાણવા મળ્યા મુજબ,આ અહેવાલ વણકર સમુદાયનાં જીવનમાં વણાટકામ અને તેસંબંધિત ક્ષેત્રોમાંનાં પરિવર્તનનાં ચાર સકારાત્મક પાસાંઓને પ્રકાશિત કરે છે/આગળ લાવે છે.

૧. હસ્તકળાના સંદર્ભે, લોકસુખાકારીમાં એકંદર વધારો, ખાસ કરીને આર્થિક અને ઓળખ અને સ્વામિત્વભાવની એક સતત ભાવના.૨. આર્થિક, સામાજીક-સાંસ્કૃતિક, મનોવૈજ્ઞાનિક પ્રોત્સાહન સાથે યુવકોનું વણાટકામમાં ચાલુ રહેવું અને પરત થવું.

૩. જાતિ (પારંપરિક રીતે જે સમુદાયને વંશવાદની રીતે સાવ તળીયે માનવામાં આવે છે તેના પ્રત્યે જાતિવાદમાં ઘટાડો), લિંગ (મહિલાઓ માટે મોટી ભૂમિકા અને અવાજ) અને પેઢીઓ(વડીલો માટે પારંપરિક સન્માનની જાળવણીની સાથોસાથ યુવકોમાં વધારે દ્રઢતા) સહિતનું સામાજીક સંબંધોમાં જોડાયેલ પરિવર્તન.

૪. કચ્છની વણાટનું મૂળતત્વ ગુમાવ્યા વગર નવીનતા અને સર્જનાત્મકતા, અને વર્ણશંકર જ્ઞાન અને શિક્ષણ પધ્ધતિઓનો વિકાસ.

અલબત, આ અભ્યાસ એવું દર્શાવે છે કે, પરિવર્તન એક સામાજીક જટિલ ઘટના હોઇ, આંતરિક રીતે તે હાનિરહિત હોય તેવું જરૂરી નથી. ત્રણ મુખ્ય મુદ્દાઓ ઉપર લક્ષ્ય કેન્દ્રીત કરવામાં આવેલ છે:

૫. વણકરોના બે વ્યાપક 'વર્ગો' (ઉદ્યમીઓ અને કામ કરનારાઓ) વચ્ચે અને ભુજ (જીલ્લા મુખ્ય મથક) અને મુખ્ય બજાર સાથેના ભૌગોલિક ફેલાવાની વસાહતોમાં અન્યો કરતાં પરિવર્તનશીલ પાસાંઓનો વધારે લાભ મેળવી શકતા લોકો વચ્ચેની વધતી જતી અને દેખીતી રીતે વધતી જતી આર્થિક અસમાનતા.

૬. કાચા ઉત્પાદન અને તૈયાર ઉત્પાદનની મુખ્યત્વે સ્થાનિક લેતીદેતીની સ્થાનિકે ઉગાડવામાં આવતાં સજીવ કપાસના (કાલા) ઉપયોગમાં વધારાને કારણે વધારે પડતી રાષ્ટ્રીય અને વૈશ્વિક લેતીદેતી થાય છે. જો કે, હાલના સમયમાં કાલા કોટનના સ્થાનિક બજારમાં વધારો થયો હોવાથી આ પરિસ્થિતિમાં હકારાત્મક બદલાવ આવ્યો છે.

૭. અતિ નજીકની તાજેતરની કેટલીક આશાસ્પદ પહેલો હોવા છતાં,વણકરોમાં આજીવિકા સંબંધિત સામિહિક પ્રયાસોની લગભગ ગેરહાજરી.

આ અભ્યાસે વણકરોના નીચેનાં સહિતના, મુખ્ય પાસાંઓની પણ આવાં પરિવર્તન લાવવા માટેની સંભાવનાઓને શોધી:

૧. વણકરોની પોતાની અનુકૂલનક્ષમતા, સ્થિતિસ્થાપકતા અને નવીનતા,ઉત્પાદનમાં અને વેંચાણમાં અને અન્યોમાં સમર્થન આપવામાં સંસ્થાની સુગમતા જેવી બાબતોમાં સંસ્થાની ભૂમિકા.

૨. મહત્વના સંજોગો (આર્થિક રીતે અને સામાજમાં) જેણે સીધી કે આડકતરી રીતે અસર પહોંચાડી જેવા કે,ઉપભોક્તાઓ અને બજારની નવી પસંદ, નવી રીતભાતો અને તકનીકો, અને આ કિસ્સામાંતો જબરદસ્ત ભૂકંપ જેણે આફતને અવસરમાં બદલી.

આ અભ્યાસ સુખાકારી તરફનું પરિવર્તન કેવું મજબુત કે તકલાદી છે તે તરફસંક્ષિપ્તમાં નજર કરે છે અને છેવટે ન્યાય અને ટકાઉપણાં તરફનાં પરિવર્તન માટેનાં મહત્વના પાઠ રજુકરે છે.

આ અભ્યાસમાં એક ચોક્કસ પેટા લક્ષ તરીકે,સજીવ (કાલા) કપાસ અને આનુવંશિક રીતે સુધારેલ (Bt) કપાસના પ્રભાવની સરખામણી કરીને વણકરોના નાના જૂથના આધારે વિગતવાર 'પારિસ્થિતિક પદચિન્હ મૂલ્યાંકન'નો પ્રયત્ન કરવામાં આવેલ. આમાં સ્પષ્ટપણે આગળનાનો ઓછો પ્રભાવ નજરે પડ્યો.

૧. પ્રસ્તાવના

હાથશાળ વણાટનાં એકંદર પૂનરુથ્થાન સાથે સંકળાયેલ કચ્છ, ગુજરાત, ભારતના વણકર સમુદાયની આજીવિકામાં, જ્યારે તે એકદમ ઘટી રહી હતી ત્યારના સમયે તેમાં થતાં પરિવર્તનના બહુઆયામોનો આ એક અભ્યાસ છે. આ થઇ રહેલા બદલાવો શું વૈકલ્પિક પરિવર્તનોની એટલે કે ન્યાય અને ટકાઉપણા તરફના માળખાંકીય દિશા તરફના કહી શકાય કે કેમ તેની તપાસ કરવામાં આવેલ છે. જાતિમાં સકારાત્મક પરિવર્તન, લિંગ અને પેઢીઓ વચ્ચેના સંબંધોમાં સાથોસાથ સુખાકારી કેવી રીતે વધી છે તેનો ખ્યાલ કરે છે પરંતુ ત્યાંનાં વર્ગ અને પારિસ્થિતિક ટકાઉપણાંનો મુદ્દામાં કેટલાંક પ્રતિબંધાત્મક વલણ કેમ આવ્યાં તેનો પણ. ન્યાય અને ટકાઉપણાં તરફનાં પરિવર્તનના લગતાં કેટલાક મ્હત્વના પાઠો અને વણાટકામનાં વર્તમાન અને ભાવિ ટકાઉપણાં (આર્થિક, સામાજીક, પારિસ્થિતિક) બાબતેના મુદ્દાઓનું પૃથ્થકરણ કરે છે.

કલ્પવૃક્ષ માટે,'એકેડેમીક-એક્ટીવિસ્ટ કો જનરેશન ઓફ નોલેજ ઓન એન્વાયરોનમેન્ટ જસ્ટીસ'(www.ac-knowlej.org)હેઠળ હાથ ધરવામાં આવેલ કેટલાક કેસ સ્ટડીશ પૈકીનો એક છે.કચ્છી વણકરો સાથે સઘન કાર્ય કરતાં એક સ્થાનિક હસ્તકળા સંગઠન તરીકે ખમીર આ પ્રક્રિયામાં જોડાયું.

આ અભ્યાસની પસંદગી કરવામાં કેટલાંક પ્રોત્સાહનો અને ઉદ્દેશો સામેલ હતા:

૧. કચ્છમાં વણાટકામનાં પુનરોથ્થાનમાં જેની નોંધપાત્ર ભૂમિકા હતી તે હસ્તકળા સુગમતા સંગઠન ખમીરનો (www.khamir.org)પ્રારંભિક રસ,પારિસ્થિતિક પદચિન્હની સમજણ કેળવવામાં; આ પ્રકારના મૂલ્યાંકન નો ઉપયોગ, હાથશાળ વણાટ એ પર્યાવરણ પ્રેમી (ખાસ કરીને કાપડનાં પાવરલૂમ અને ઔદ્યોગિક ઉત્પાદન સાથે સરખામણી કરવામાં) છે તેવા દાવાનું પરિક્ષણ કરવાનાં સાધન તરીકે કરી શકાય,અને/અથવા જો તેનાં પાસાંઓ પારિસ્થિતિ સંવેદી ન જણાય તો હસ્તક્ષેપોનો વિચાર કરવા માટે કરી શકાય. આગળ ઉપર ખમીરનો રસ, આ ક્ષેત્રમાં થયેલ સાકલ્યવાદી પરિવર્તનને સામાજીક, આર્થિક, સાંસ્કુતિક, પર્યાવરણીય અને રાજકીય દૃષ્ટીએ સમજવા માટે વિસ્તૃત થયો. આ સમજણનો ઉપયોગ તેના પોતાનાં કાર્યનું પ્રતિબિંબ મેળવવા માટે કરવાની તેને ઇચ્છા પણ થઇ.

૨. કલ્પવૃક્ષનો વૈકલ્પિક પરિવર્તન પ્રારૂપ/રચનાનો[1] (ATF) ઉપયોગ કરવામાં રસ પરિસ્થિતિક આયામનો અભ્યાસ કરવા માત્રનો ન હતો પરંતુ પરિવર્તનનાં અન્ય આયામોમાં પણ હતો; આ ફોર્મેટનો વિકાસ ACKnowl-EJના એક ભાગ તરીકે કરવામાં આવેલ પરંતુ તે ભારતભરમાં વિકલ્પ સંગમ (વિકલ્પ સંગમ,www.vikalpsangam.orgજુઓ)તરીકે ઓળખાતી એક જુની દસ્તાવેજીકરણ અને નેટવર્કીન્ગ વૈકલ્પિક પહેલની પ્રક્રિયામાંથી ઉદ્ભવી

1. http://www.vikalpsangam.org/static/media/uploads/Resources/alternatives_transformation_framework_revised_20.2.2017.pdf

૩. કેટલાક વડીલો દ્વારા વ્યક્ત કરવામાં આવ્યા અનુસાર, વણકર સમુદાયમાં આવનારી નવી પેઢીઓને હસ્તાંતરિત/સોંપણી કરવામાં મદદ કરવા માટે,તેના ઇતિહાસનું દસ્તાવેજીકરણ કરવામાં રસ.

૪. તમામ ભાગીદારો વચ્ચે વણકરો તેમજ પર્યાવરણને થનારા લાભના હસ્તક્ષેપો બાબતે વધારે ચર્ચા ઉભી કરવામાં આ અભ્યાસનાં પરિણામોનો ઉપયોગ કરવાની શક્યતા.

૫. ભારતના અન્ય ભાગોમાં,હાથશાળ ક્ષેત્રના આવા બહુ આયામી અભ્યાસ કે અન્ય હસ્તકળા ક્ષેત્રના અભ્યાસ ઉદાહરણ બની શકે કે મહત્વના પાઠ પૂરા પાડી શકે કે કેમ તે જોવામાં ખમીર અને સામેલ સલાહકારોમાં રસ.

જામથડા, તા. માંડવીમાં અભ્યાસના તારણો પર ચર્ચા કરવા ખમીર, કલ્પવૃક્ષ અને વણકર પ્રતિનિધિઓ સાથે ગામલોકોની મિટિંગ.

૨. પધ્ધતિ

આ અભ્યાસમાં ત્રણ મુખ્ય કર્તાઓ સામેલ છે: કલ્પવૃક્ષ, ખમીર અને વણકર સમુદાય. ભારતીય હસ્તકળાના નિષ્ણાતો, એક પારિસ્થિતિકશાસ્ત્રી, અને એકર્થશાસ્ત્રી સહિતના ઘણા સલાહકારો આ અભ્યાસના ભાગીદારો રહ્યા છે.

૨.૧ વૈચારિક માળખું

આ અભ્યાસ મુખ્યત્વે વૈકલ્પિક પરિવર્તન ફ્રેમેંટ(ATF)ના ઉપયોગ આધારિત છે. બદલાવ/પલટો ની કોઇ પણ પહેલમાં પાંચ ક્ષેત્રોમાં (આર્થિક, રાજકીય, સામાજીક, સાંસ્કુતિક, પારિસ્થિતિક; આકૃતિ ૧ જુઓ) થઇ રહેલ પરિવર્તનોનુંમૂલ્યાંકન કરવા માટે આ ATF તૈયાર કરવામાં આવેલ છે. તે નોંધે છે તે મુજબ: "દુનિયાભરમાં,બીનટકાઉપણું, અસમાનતા અને અન્યાયના પડકારોનો સામનો કરવા માટે સમુદાયો, નાગરિક સેવા સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ અને વેપારવ્યવસાયો દ્વારા પહેલ છે. તેઓ પૈકીના ઘણાંને આ પડકારો માટે પાયાનાં માળખાંકીય કારણો જેવાં કે,મૂડીવાદ, પિતૃપ્રધાનતા,રાજ્ય-કેન્દ્રવાદ, કે અન્ય જ્ઞાતિ, વંશીય, જાતિવાદી અને અન્ય સામાજીક લક્ષણોનો મુકાબલો કરવો પડે છે; આપણે તેને પરિવર્તનીય કે મૂળભુત પરિવર્તનો કહીએ છીએ" ATF આ બદલાવો વૈકલ્પિક પરિવર્તનો તરફ થઇ રહ્યા છે કે કેમ તેની સમજણ માટે મદદ કરે છે એટલેકે, વ્યાપક સીધી કે મૂળભુત લોકશાહી (જ્યાં સ્થળ ઉપરના લોકો નિર્ણયની પ્રક્રિયાના કેન્દ્રસ્થ ભાગ છે), જનતા દ્વારા અર્થતંત્ર ઉપર વધારે નિયંત્રણ(રાજ્ય કે નિગમો નહીં) અને સંભાળ અને સહિયારા સંબંધોને પૂનર્જીવિત કરવા, સાંસ્કૃતિક અને જ્ઞાન વૈવિધ્ય અને આમજનતાને ટકાવવા કે પૂનર્જીવિત કરવા અને લિંગ, વર્ગ, વંશીય 'હોડ' અને અન્ય પાસાંઓ,બાબતે વધારે સમાનતા અને ન્યાય, આ બધું પારિસ્થિતિક સ્થિતિસ્થાપકતા અને ટકાઉપણાના આધારે અને માનવ અને માનવ અને કુદરત વચ્ચેનાં સહ અસ્તિત્વના મૂળભુત નીતિશાસ્ત્રના આધારે.

હસ્તકળા તરફ બહુવિધ આયામ (આર્થિક, સામાજીએક-સાંસ્કૃતિક, રાજકીય, પારિસ્થિતિક, વંશીય) સાથે ખ્યાલ કરતો આ ભારતમાં સર્વપ્રથમ અને ATF નો ઉપયોગ કરતો વિશ્વનો પ્રથમ અભ્યાસ છે. તેને એક સારો ઉમેદવાર માનવામાં આવેલ કારણ કે,દેખીતી રીતે, વણકરોનાં જીવનમાં આવી રહેલ પરિવર્તનમાં ઘણાં આયામો દેખાતા હતાં અને અભ્યાસના જુદા જુદા ભાગીદારોને જુદા જુદાં આયામોમાં રસ તો હતો પરંતુ તે બધું એક ચિત્ર તરીકે કેવું લાગે છે તે જોવામાં પણ રસ હતો.

આકૃતિ ૧: વૈકલ્પિક પરિવર્તનનાં ક્ષેત્રો



(નોંધ: પરસ્પર વ્યાપ્ત ક્ષેત્રોમાં ઉલ્લેખ કરેલ વિષયો માત્ર સૂચક છે, નહીં કે સંપૂર્ણ)

૨.૨ ઉપયોગમાં લેવામાં આવેલ પધ્ધતિઓ અને પ્રક્રિયાઓ

અભ્યાસના શરૂઅતના કેટલાક મહિનાઓમાં,કેન્દ્રસ્થ અભ્યાસ જૂથે અંદર અંદર અને વણકરોનાં કેન્દ્રસ્થ જૂથ સાથે ATF બાબતે ચર્ચા કરી. નિશ્ચિત સમય અને સંપદાની મર્યાદાઓમાં તેનો સર્વગ્રાહી ઉપયોગ કરવો શક્ય નહીં બને તેની સમજણ આવતાં,કેટલાંક ગામડાંઓની પ્રાથમિક મુલાકાતો અને જે મહત્વનાં લાગ્યાં તેનાં વહેલાં અવલોકનોના આધારેઆ જૂથે અભ્યાસ માટેનાં તત્વોને એકાદ ડઝન જેટલાં સંકોચિત કરી નાખ્યાં. આ સંક્ષિપ્ત યાદીનાં તત્વોની વણકરોનાં કેન્દ્રસ્થ જૂથ સાથે ફરીથી ચર્ચા કરવામાં આવી, જે તબક્કે કેટલાક ફેરફારો કરવામાં આવ્યા (દા.ત. અભ્યાસ જૂથને કેટલાંક સાંસ્કૃતિક પાસાંઓનો ખ્યાલ કરવાની ઇચ્છા હતી, તેને પડતા મૂકવામાં આવ્યા કારણ કે, વણકરોને તે વધારે પડતા સંવેદનશીલ અને સંભવત: ગેરમાર્ગે દોરનારા લાગ્યા.) ગામડાંઓની મુલાકાતોમાં કે લક્ષિત જૂથ ચર્ચાઓમાં ATF નો ક્યારેય પણ પ્રશ્નાવલી કે ફોર્મેટ તરીકે ઉપયોગ કરવામાં ન આવ્યો, તેના બદલે મુખ્ય તત્વોને મુદ્દાઓના સ્વરૂપે જેવા કે વણકરોના અંદર અંદરના અને તેઓ અને અન્ય સમુદાયો, સરકાર, કુદરત અને બજાર સમુદાય અને તેની હસ્તકળામાં આવેલ ઐતિહાસિક પરિવર્તનો વચ્ચેના સંબંધો તરીકેદાખલ કરવામાં આવ્યાં.

અભ્યાસ માટે ઉપયોગમાં લેવામાં આવેલ પધ્ધતિઓ સંક્ષિપ્તમાં:

૧. સમય અને સંપદાની મર્યાદાઓ લક્ષમાં રાખીને, ખમીરનાં કાર્ય અને/અથવા અન્ય હસ્તક્ષેપોનાં (આ પ્રક્રિયા દરમિયાનનો સહયોગી અભ્યાસ અને ડેટાબેઇઝ સર્વે પણ એક સંદર્ભ તરીકે સમગ્ર વણકર સમુદાયની વ્યાપક સમજણ મેળવશે)[2] પરિણામ સ્વરૂપ ક્યાં પરિવર્તન થયું છે તેની દેખીતી સમજણના આધારેઅભ્યાસ માટે ૬૨ ગામોમાંથી ૧૫ ગામડાંઓની (કુલ્લ ૧૦૦૦ વણકરમાંથી ૬૦૦ વણકરની)[3] નમૂના તરીકે પસંદગી;

2. સવિાય કે અન્યથા ઉલ્લેખ કરવામાં આવેલ હોય કે સ્પષ્ટપણે સંદર્ભિત હોય, આ અહેવાલ જ્યાં વણકરોને સંદર્ભિત કરે છે ત્યાં તે આ ૧૫ ગામડાંઓના વણકરો માટે જ છે.
3. તે છે; ભુજોડી, અવધનગર, કોટાય, જામથડા, ફરાદી, સીરાચા, રામપર વેકરા, ગોધરા, આધોઇ, સાંગનારા, મથલ, મોટા વરનોરા, ધાણીથર, સરલી, નંગિાળ.

૨. અભ્યાસમાં સામેલ કરવા માટે વરિષ્ઠ વણકરોનાં જૂથની પસંદગી કરવી, તેમજ સમયાંતરે વિચારો અને પરિણામો જાણવા/ઉછાળવા;

૩. એક ચોક્કસ ગામડાંમાંથી વણકર મહિલાઓનું જૂથ કે જે વણાટનાં એક આછાંપાતળાં જૂથમાં સંગઠિત થયેલ હોય તેઓને અભ્યાસના એક ભાગમાં સામેલ કરવું;

૪. વણકરોમાંના યુવકોનાં એક જૂથને દ્રશ્ય દસ્તાવેજીકરણ અને ચર્ચાના એક ભાગ તરીકે સામેલ કરવું;

૫. મોટે ભાગે વણકરોના અને અન્ય સમુદાયના (આહીરો, રબારીઓ) થોડાક લોકો સાથે જૂથ ચર્ચા,વ્યક્તિગત વાતચીત અને અવલોકનો માટે પ્રત્યેક ૧૫ ગામડાંઓની એક કે વધારે મુલાકાતો લેવી;

૬. કાલા કપાસ ઉગાડતા ખેડૂતો, વેપારીઓ, વણાટ અને કાંતણ મીલો, અને રંગકામ કરતાં એકમો સહિતનાં અન્ય સ્થળોની પારિસ્થિતિક પદચિન્હના મૂલ્યાંકન (EFA)માટે મુલાકાતો લેવી. (EFA પધ્ધતિઓ અંગે વધારે માટે નીચે જુઓ).

૭. ખમીર ખાતે અથવા અન્ય સ્થળોએ મહિલાઓ,યુવાનો ઓ અને વડીલો સાથે લક્ષિત જૂથ ચર્ચા;

૮. ગૌણ સાહિત્યનું અધ્યયન ખમીર અને કચ્છ મહિલા વિકાસ સંગઠન (કચ્છભરમાં મહિલા સશક્તિકરણ માટે કાર્ય કરતું એક જૂથ) ખાતે ઉપલબ્ધ છે.;

૯. છેલ્લા ત્રણ દાયકાઓમાં વણકરો સાથેના હસ્તક્ષેપો કે અભ્યાસમાં સામેલ કેટલાક મહત્વના લોકો સાથે ચર્ચા;

૧૦. મહત્વનાં પરિણામો બાબતે ઉપર જણાવેલ વિવિધ જૂથો સાથે અને મહિલાઓ,યુવાનો ઓ અને ગામડાંઓનાં જૂથો સાથે અલગથી ચર્ચાઓ;

૧૧. કચ્છભરમાં વણકર પરિવારોનો પાયાની બાબતે સર્વે હાથ ધરવો.



કચ્છના જે ૧૫ વણાટ કામના ગામો, જ્યાં અભ્યાસ થયો તે દર્શાવતો કચ્છ પ્રદેશનો નકશો.

પારિસ્થિતિક પદચિન્હ મૂલ્યાંકન એ (EFA) હસ્તકળાના પ્રભાવની વ્યાપક સમજણ માટેના પ્રયત્નમાં જથ્થાત્મક અને ગુણાત્મક પધ્ધતિઓનાં સંમિશ્રણનો ઉપયોગ કર્યો તેમજ ટેમ્પ્લેટ તૈયાર કરવી જેનો સંભવત: ઉપયોગ અન્ય સ્થળે હાથશાળો માટે અને થોડા સુધારાઓ સાથે અન્ય હસ્તકળાઓ માટે પણ કરી શકાય. કચ્છમાં આખાં હાથશાળ ક્ષેત્ર માટે EFA નોપ્રયાસ કરવામાં નથી આવ્યો, પરંતુ તે ભાગ માટે જે કપાસનો ઉપયોગ કરે છે અને અહીં મુખ્ય ઉદ્દેશ જુદા જુદા પ્રકારનાં કપાસનાં (કચ્છમાં કાલા અને Btકપાસનો ઉપયોગ થાય છે.)પારિસ્થિતિક હસ્તચિન્હની ગણત્રી અને સરખામણી કરવાનો છે. વિગતોનાં એકત્રીકરણ માટેનાં સાધનો/ઓજારો કપાસ મૂલ્ય શ્રૃંખલા સાથેના કેસ સ્ટડી,નિશ્ચિત પ્રશ્નાવલીનો ઉપયોગ કરીને મહત્વના બાતમીદારો/માહિતીદાતાઓના ઇન્ટર્વ્યુ અને ગણાત્રી માટે ફૂલ ફાર્મ ટૂલકીટ. (https://app.coolfarmtool.org/)

ઉપરાંત, વણકરોના યુવાનો જૂથ સાથે સહભાગી દ્રશ્ય દસ્તાવેજીકરણ હાથ ધરવામાં આવેલ, જે પરિવર્તનના વિવિધ પાસાંઓ ઉપર ૬ ટૂંકી ફિલ્મો તૈયાર કરવાની રહેશે.

૨.૩ મર્યાદાઓ

આ અભ્યાસને કેટલીક મર્યાદાઓ છે. તે પૈકીની એક,'મર્યાદા' (કોઇ નબળાઇમાં હોય તેવું.) કરતાંસ્વત: વધારે સંરચના/ડીઝાઇનના ભાગ તરીકે છે તે ઇ કે વણકરો સુધીની અમારી પહોંચ, જ્યાં ખમીરની હાજરી છે કે સંપર્ક છે તે ગામડાંઓ દ્વારા મુખ્યત્વે નક્કી કરવામાં આવેલ કે જ્યાં દેખીતી રીતે પરિવર્તન આવી રહ્યું હતું, અલબત આનો અર્થ એવો નથી થતો કે,અમે માત્ર કે મુખ્યત્વે એવા વણકરો પાસે જ ગયા કે જેઓ ખરેખર ખમીર સાથે કામ કરતા હોય. ઉપર જણાવ્યા અનુસાર,તમામ ૬૨ ગામડાંઓમાં કામ કરવું શક્ય ન હતું, પરંતુ જે ૧૫ ગામડાંઓમાં અમે જે જોરશોરથી કામ કર્યું તે સિવાયનાં ગામડાંઓમાં,ખમીરની ટીમ અને તેની સાથે વણકરોનાં કેન્દ્રસ્થ જૂથ દ્વારા આ ૬૨ ગામડાંઓની મુલાકતો સહિતના સાથોસાથ કરવામાં આવેલ મોટા પાયાના સર્વેના અને કચ્છનાં તમામ વણકર પરિવારો માટેની એક મોબાઇલ એપ અને મેન્યુઅલ પધ્ધતીનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલ ડેટાબેઇઝ આધારે ત્યાં શું બની રહ્યું છે તેનો અમને મોટો મોટો ખ્યાલ તો છે જ.કેટલાંક પાસાંઓ જેવાં કે,અંતર અને આંતર જ્ઞાતિ રાજકીય ગતિશીલતાનો કોઇ ઉંડાણથી અભ્યાસ ન થઇ શક્યો અને અમૂક સાંસ્કૃતિક પાસાંઓ,જેનો શરૂઆતમાં અભ્યાસ માટે સમાવેશ કરવામાં આવેલ તેને સમુદાયની વિનંતીને માન આપીને પડતા મૂક્યાં. આ અભ્યાસ સાથે સંકળાયેલ વણકરોનાં કેન્દ્રસ્થ જૂથ શરૂઆતમાં માત્ર પુરૂષોનું બનેલું હતું, વણકર ઉદ્યમીઓ જેની સાથે ખમીર પરિચિત હતું (અલબત આગળ ઉપર મહિલાઓ અને યુવાનો ઓને પણ કેટલાંક પાસાંઓમાં સામેલ કરવામાં આવેલ). પ્રસંગોપાત, ભાષા એક મર્યાદિત કરતું પરિબળ બનતી હતી જ્યારે સમુદાય સાથે વાતચીત કરતાં જૂથોમાં કચ્છી કે ગુજરાતી બોલતા લોકો ન રહેતા. બિન વણકર અને વણકર સમુદાયો વચ્ચેના સંબંધોમાં બદલાવ/પલટો અને વણકરોનાં જીવનમાં પરિવર્તન બાબતે તેઓની દ્રષ્ટિ/સમજને સારી રીતે સમજવા માટે, અમને બિન વણકર સમુદાયો સાથે અમે કરી શક્યા તેથી વધારે વાતચીત/સંવાદ કરવાનું અમને ગમ્યું હોત. એક વર્ષનો ટૂંકો ગાળો આપવામાં આવેલ હોઇ સમય પણ મર્યાદિત હતો, ખાસ કરીને જ્યારે જૂથના એક સભ્યના અપવાદ સિવાય અન્ય બધા જ લોકો અંશ કાલીન હતા. એ પણ એક મર્યાદા હતી કે સંપૂર્ણ સમયના જૂથ સભ્યને સ્થાનિક ભાષા આવડતી ન હતી, અને આ ક્ષેત્ર અને હસ્તકળાનો તેઓનો પ્રથમ અનુભવ હતો.

ખરડ વણાટ કરતાં વણકરો. ખરડનું વણાટ કુદરતી રંગોના ઉનમાંથી કે કુદરતી રંગોથી રંગે ઉનમાંથી કરવામાં આવે છે. ફોટોમાં જમણી બાજુ શિણાય નગરના નિષ્ણાંત વણકર શ્રી સામત તેજશી મરવાડા છે, જે તેમની કલાના નમૂનાને સમજાવી રહ્યા છે.

૩. પરિવર્તનો: અભ્યાસનાં તારણો.

ઊંટ અને ઊંટ માલધારીઓ સાથેની કચ્છનું ભૂમિ-દ્રશ્ય

૩.૧ પૂર્વભૂમિકા

પશ્ચિમ ભારતના ગુજરાત રાજ્યમાં કચ્છ જીલ્લામાંઆ અભ્યાસ સ્થિત/આવેલ છે. કચ્છ્ના મોટા ભાગના વિસ્તારને આવરી લેતી વ્યાપક ઘાસીયા ભૂમિ અને નમકનાં રણની પારિસ્થિતિક પ્રણાલી હોવાને કારણે કચ્છ અતિશય સુકો અને પારિસ્થિતિક રીતે ભારતના બાકીના વિસ્તારોથી એકદમ વિશિષ્ટ વિસ્તાર છે. વિચરતાં અને સ્થાયી પશુપાલન અને તેની આગવી પારિસ્થિતિક વિશેષતાઓ આધારિત અન્ય આજીવિકાનો તેનો લાંબો ઇતિહાસ છે. પરંપરાઓથી,આ આજીવિકાઓ ધાર્મિક અને જ્ઞાતિ ઓળખ સાથે પણ સંકળાયેલ હતી,અલબત, હવે તે ઓછી સ્પષ્ટ થતી જાય છે, ખાસ કરીને જ્યાં શહેરી અને ઔદ્યોગિક અર્થતંત્ર ઉભરી આવ્યાં છે.

વણકરો,મૂળે પડોશના રાજસ્થાનમાંથી આવેલ અને જીલ્લાના મોટા ભાગમાં ફેલાયેલા(નીચે જુઓ, સંક્ષિપ્ત સમયરેખા) મેઘવાલનાં પેટા જૂથ મારવાડાના અમૂક ભાગ (અને બહુ જ ઓછી સંખ્યામાં મહેશ્વરી અને

ગુર્જર). પારંપરિક રીતે, તેઓ બન્ને, વણાટકામ અને ખેતી, ચર્મકામ, અને મજૂરીકામ સહિતનાં અન્ય વ્યવસાયમાં રોકાયેલા છે. તાજેતરમાં/અંતે તેઓ પૈકીના ઘણા લોકો પૂર્ણ સમયના વણકરો બની ગયા છે અને તેઓની પોતાની જાતને 'વણકર' તરીકેની ઓળખનો વ્યાપક ઉપયોગ ૨-૩ દાયકાઓ જુનો જ છે.

હાથશાળ પર વણાટ કરતો વણકર

આ અભ્યાસનું લક્ષ્ય બને છે તે 'સંઘર્ષ'[4] ,ખાસ કરીને ૨૧મી સદીનાં શરૂઆતનાં વર્ષોમાં વણકરોએ એક સમગ્ર સમુદાય તરીકે વેઠેલી તકલીફો અને ભેદભાવો સાથે સંબંધ ધરાવે છે. ઔદ્યોગિક કાપડનાં ઉત્પાદનમાં વધારો જેણે બજારને સસ્તી પેદાશોથી છલકાવી દીધી (દા.ત. કચ્છી ડીઝાઇનોની નકલ કરતી લુધિયાણામાં પાવરલૂમ ઉપર તૈયાર કરવામાં આવતી શાલ),વણકરો જેઓ માટે કાપડ તૈયાર કરે છે તે સમુદાયોમાં(અને તેઓની નવાં વધારે ખર્ચાળ ઉત્પાદન ખરીદવાની અસમર્થતા) આદતો અને અભિરુચીમાં બદલાવ/પલટો, પારંપરિક તાંતણાં/સૂતરની ઉપલબ્ધતામાં ઘટાડો (ખાસ કરીને ઘેટાંનું ઊન) અને સરકાર અને નાગરિક સંસ્થાઓના હસ્તક્ષેપો જેઓએ વણાટકામને બહારી બજારો સાથે જોડવાના પ્રયત્નો કર્યા સહિતનાં વ્યાપક આર્થિક અને સામાજીક વાતાવરણમાં શ્રેણીબંધ બદલાવો જેનું કચ્છ એક ભાગ હતું તેનો ૨૦મી સદીના છેલ્લા બે દાયકાઓમાં વણકરો તેઓની હસ્તકળાનોકઇ રીતે (અને શા માટે)ઉપયોગ કરીને તેના પ્રકારમાં બદલાવ/પલટો લાવી જ રહ્યા હતા. ૨૦૦૧ના વિનાશક ભૂકંપે ઉત્પાદન ક્ષમતા (વાસ્તવિક રીતે સેંકડો ઘરોમાં શાળોને નુકશાન પહોંચાડીને) તેમજ બજારને ગંભીર નુકશાન પહોંચાડ્યું. સાથોસાથ, નવી રોજગાર તકો ઉભી થઇ, દાખલા તરીકે,સરકારી કે ખાનગી ક્ષેત્રમાં ઉદ્યોગોની સ્થાપના થવા લાગી, કે મધ્યપૂર્વમાં

4. અહી અમે શબ્દ 'સંઘર્ષ'ની વ્યાપક વ્યાખ્યાનો ઉપયોગ જે અસ્તત્વિ અને આજીવકોને ધમકી આપે છે તે માત્ર પરિયોજના અને પ્રક્રિયાઓના ચોક્કસ કિસ્સાને સંદર્ભતિ કરવા માટે નહી,(EJ નકસાપોથી,www.ejatlas.org માંથી ઉદ્ભવતા મુખ્યત્વે ACKnowlej-EJ પરિયોજનાનો ઉપયોગ થાય છે તેમ) પરંતુ નબળાઇ, ભેદભાવ, જુલમ અને સીમાંતપણાંની માળખાંકીય પ્રક્રિયાને પાછળ/પશ્ચાદભૂમકામાં લઇ જવા માટે પણ કરીએ છીએ.

મજૂર તરીકે. તેની પોતાની રીતે,તેમજ સમાજની આર્થિક સીમાઓ/માર્જીનો ઉપર કેટલાક અંશે,તેમજ તેઓનું દલિત તરીકે સીમાંતપણાંએ (હિંદુ સમાજના કહેવાતા 'નાત બહાર')[5] ને કારણે વણકર સમુદાયને ઉભા થવું મુશ્કેલ લાગ્યું/બન્યું.

લગભગ ૨૦૦૬ થી કેટલાંય પરિબળોએ વલણ/પરિસ્થિતિબદલાવ/પલટવાનું શરુ કર્યું. આમાં, કચ્છની હસ્તકળાને પૂનર્જીવિત કરવા અને તેનો નિર્વાહ કરવામાં મદદ કરવાના આદેશ આપીને, સંબંધિત આર્થિક મૂલ્ય શ્રુંખલાને પૂન:સ્થાપિત કરવાના પ્રયત્નોમાં ખમીરના હસ્તક્ષેપનો સમાવેશ થાય છે. દેશી (અને સજીવ પધ્ધતિથી ઉછેરેલ) કાલા કપાસનાં આધારે ઉત્પાદનને પૂનર્જીવિત કરવા મારફત આવું ખાસ કરવામાં આવેલ. તેમાં સમાવિષ્ટ છે - કચ્છ રણોત્સવમાં, ભારતનાં મોટાં શહેરો અને યુરોપમાં પ્રદર્શન અને વેંચાણમાં હાથવણાટનાં કાપડમાં ઉપભોક્તાઓનો ફરીથી જાગેલ રસ અને વેંચાણની તકો,યુવાનો વણકરોને ઉદ્યમ અને નવીન ડીઝાઇનો માટે તાલીમ આપવામાં મદદ કરવા માટે હાથશાળ અને ડીઝાઇન સંસ્થાઓ (કચ્છમાં કલારક્ષા વિદ્યાલય અને સોમૈયા કલા વિદ્યાલયઅને માહેશ્વર, મધ્ય પ્રદેશમાં હાથશાળ શાળા) દ્વારા હસ્તક્ષેપો, ભૂકંપ બાદ તુરંત જ સરકાર દ્વારા શાળ અને અન્ય સહાય (વણકરો દ્વારા જણાવ્યા મુજબ પ્રમાણમાં બહુ નાનું પરિબળ) અને આવાં કેટલાંક પરિબળો. લગભગ ગત દાયકામાં હાથશાળ વણાટકામ નોંધપાત્ર પ્રમાણમાં પૂનર્જીવિત થયું છે અને વણકર સમુદાયના ઓછામાં ઓછા કેટલાક લોકોનાં જીવનમાં પરિવર્તન લાવ્યું છે.

સ્થાનિક અને સજીવ પદ્ધતિથી ઉગાડેલ કાલા કોટન

5. આસરે ૩૦૦ મલિીઅનની સંખ્યા ધરાવતા નોધપાત્ર આંતરકિ વૈવધિ્ય ધરાવતા દલતિો, ઐતહિાસકિ રીતે ભારતના સૌથી વધારે જુલમ અને સીમાંતપણું સહન કરનારા લોકો પૈકીના રહ્યા છે. પ્રભુત્વ ધરાવતા હંદુિ સવર્ણો તેઓને હંદુિ ધર્મની અંદર સૌથી વધારે "અશુધ્ધ' માને છે, એટલી હદ સુધી કે, તેઓ ચાર મુખ્ય વર્ણો કે મુખ્ય જાતઓિ પૈકીના એકમાં પણ નથી (તેથી નાતબહાર), અને તેઓને 'અસ્પર્શ્ય' માનવામાં આવે છે કારણ કે, કોઇ સ્પર્શ કે સ્પર્શનું સૂચન પણ અન્ય જાતઓિ માટે 'અશુધ્તા'નું કારણ બને છે. પારંપરકિ વ્યવસાય, મૃત જાનવરનું ચામડું ઉતારવું, અને ચર્મકામ, માનવ મળમૂત્ર સહતિના કચરાનું સફાઇ કામ, ઝાડુ કાઢવું અને ગટર સાફ કરવી વગેરે સહતિનાંને સૌથી ગંદું કે અશુધ્ધ માનવામાં આવે છે. નોકરીઓ અને શૈક્ષણકિ સંસ્થાઓમાં 'અનામત', સરકાર અને નાગરકિ સમાજ સંસ્થાઓ દ્વારા સામાજેક ઝુંબેશ, હંદુિ જાતવિાદના નોધપાત્ર સરકારી કાર્યવાહી, દલતિો પોતા

ઉપર વર્ણન કરેલ સંઘર્ષ પરિસ્થિતિના પાયામાં રહેલ મૂળભુત માળખાંકીય પાસાંઓમાં જે છે તે, આર્થિક પ્રણાલી જેણે વણકરોને (તેઓની આવડતો, જ્ઞાન અને ઉત્પાદનો સહિત) ઉત્પાદક તરીકે હાંસિયામાં ધકેલી દીધા છે અને સામાજીક પ્રણાલી (જાતિવાદ) જેણે તેઓને લાંબા સમયથી મોભાની દ્રષ્ટિએ સાવ તળીયાંનાંસ્થાને ઉતારી મૂક્યા છે. વણકરોમાં અંદર અંદર પણ, માળખાંકીય મુદ્દાઓ છે જેવા કે, પિતૃપ્રધાનતા અને મર્દાનગી જે મહિલાઓને બાજુએ હડ્સેલી દે છે અને યુવાનો ઓ સાથે પેઢીય અસમાનતા જેઓનો સમુદાયની બાબતોમાં ઓછો અવાજ/મહત્વ હોય છે. છેલ્લે જે મુદ્દોછે તે છે વણાટકામ અને કુદરત વચ્ચેનું અંતર. કદાચ ક્યારેય કોઇ સીધો મજબુત સંબંધ ન હતો (દાખલા તરીકે, જેવો પશુપાલનના કિસ્સામાં હોય તેવો), પરંતુ ઘણા દાયકાઓ અગાઉ જ્યારે સ્થાનિક પારિસ્થિતિક હાલતો ઉપર નિર્ભર, સ્થાનિક ઘેટાં અને ઊંટ્નું ઊન મુખ્ય તાંતણાં/રેષા હતાં અને સ્થાનિક વૃક્ષોમાંથી મળતા થોડાક કુદરતી રંગોનો થોડોક ઉપયોગ થતો હતો ત્યારે સંબંધ વધારે મજબુત હોવાની સંભાવનાઓ છે.

પોતાના પશુઓ સાથે મલધારીઓ, જેમની સાથે કચ્છના વણકરો પોતાની આજીવિકા માટે આંતરસંબંધો ધરાવતા હતા.

૩.૨ સંક્ષિપ્ત ઇતિહાસ

ઉપલબ્ધ હેવાલો/રેકોર્ડસ અને વરિષ્ઠ વણકરો સાથેની ચર્ચાના આધારે આ અભ્યાસે ભારતના સ્વાતંત્ર્યના સમયથી વણકરોમાં બદલાવોની અને પરિવર્તનોની, નીચે જણાવેલ મહત્વના સમયગાળાની કે બનાવોની સમયરેખા ઘડી છે:

૫૦૦-૬૦૦ વર્ષો અગાઉ: રાજસ્થાનનો મેઘવાલ સમુદાય કચ્છમાં સ્થળાંતરિત થયો. કચ્છમાં વણકરો મોટે ભાગે મેઘવાલ સમુદાયમાંથી આવતા મારવાડા છે (અને કેટલાક માહેશ્વરી અને ગુર્જર) જે પરંપરાઓથી દલિત સમુદાયના છે અને જેઓ સાથે ભુતકાળમાં 'અસ્પૃશ્ય' તરીકે વ્યવહાર કરવામાં આવતો હતો. ભૂમિહીન મારવાડાઓ સ્થાનિક પશુપાલક રબારી સમુદાય સાથે અને અન્ય સમુદાયો જેવા કે,આહીરો, દરબારો અને પટેલો સાથે, તેઓ વચ્ચે વારસાગત આર્થિક લેતીદેતીના સંબંધો સાથે રહ્યા. (કેસિંગ અને સિંધ, કોઇ તારીખ નહીં) .

૧૯મી સદીથી સ્વાતંત્ર્ય પછી સુધી: આ એવો સમયગાળો હતો જ્યારે વણકરો મીલમાં તૈયાર થયેલ સસ્તાં કાપડની રજૂઆતને કારણે સૌથી વધારે અસરગ્રસ્ત થયા હતા. હાથે વણેલ કાપડ અને રોજગારની તકોએ

ઘટાડો અનુભવ્યો, જેને કારણે દરિદ્રતા આવી. દેશ 'આધુનિક' થતાં ઉપર જણાવેલ સમુદાયોમાંપરસ્પર નિર્ભરતામાં ઘટાડો થયો. સ્થાનિક બજાર નબળી પડતાં,વણકરોને વધારે શહેરી ગ્રાહકોને સેવા આપવાને ફરજ પડી અને જુદાજુદા કાચા માલ અને તકનીકો સાથે પ્રયોગો કરવાની શરૂઆત કરી.

૧૯૩૫-આગળ ઉપર: ખાદીની રજૂઆત (મહાત્મા ગાંધી દ્વારા ૧૯૨૫ની એક મુલાકાત વખતે પણ હિમાયત કરવામાં આવેલ);આ સહકારી મંડળીઓ કે વણકર મંડળીઓનો યુગ હતો; જેનો હેતુ આ સમુદાયના આર્થિક, સામાજીક અને સાંસ્કૃતિક હિતોને સાચવવાનો/સલામત રાખવાનો હતો પ્રથમ ખાદી સંગઠન ચરખા મઢી ૧૯૪૦ની આસપાસ ગઢશીશામાં શરુ થયું.

૧૯૪૭: વિખ્યાત ગાંધીવાદી શ્રી રવિશંકર મહારાજની હાજરીમાં આયોજિત વણકરોનાં સંમેલનના ભાગ તરીકે આસરે ૫૦૦૦-૫૫૦૦ વણકરો એકઠા થયા. વણકરો સાથે સંબંધિત મુદ્દાઓ, ખાસ કરીને તાંતણા/રેષાઓની અછતની ચર્ચા કરવામાં આવેલ.

૧૯૫૯: ફ્લાય શટલની રજૂઆતે વધારે પહોળાઇ વાળાં કાપડ વણવાની સંભાવના/ક્ષેત્ર ઉભી કરી જેથી વધારે ઉત્પાદન થઇ શકે.

૧૯૬૦ પૂર્વે અને પશ્ચાત: અગાઉ મારવાડા અને મહેશ્વરી વણકરો સ્થાનિક સમુદાયો માટે વણાટકામ કરતા. ૧૯૬૦માં મોટા ભાગનાં મહેશ્વરી પરિવારો અન્ય વ્યવસાયો અને ગામડાંઓ તરફ જતાં રહ્યાં.નોંધપાત્ર માળખાંકીય સગવડો સાથે કંડલા એસ.ઈ.ઝેડ.ની સ્થાપના કરવામાં આવે.

૧૯૬૧-૬૨: જ્યારે બારીક આંકનાં મરીનો ઊનની શરૂઆત/રજૂઆત થઇ ત્યારે તંતુઓનાં સંમિશ્રણની પ્રથા શરુ થઇ. રાજસ્થાન ખાદી બોર્ડ મારફત્ત તેની શરૂઆત થઇ, જે તે સમયે મરીનો ઊનની આયાત કરતું હતું. તેને કારણે , અગાઉ જે માત્ર બરછટ ઊનથી કામ ચલાવતું હતું તે વણાટની તકનીકમાં બદલાવ/પલટો આવ્યો.

૧૯૬૫: સોહન સહકારી મંડળી દ્વારા શહેરી બજારમાં પગપેસારો કરવામાં આવ્યો. સોહન સહકારી મંડળીનાં પ્રભાબેન શાહએ વણકરો સમક્ષ નવાં ઉત્પાદન અને ડીઝાઇનના વિચારો રજૂ કર્યા. પારંપરિક ધાબળાઓમાંથી શહેરી બજારને જે વધારે અનુકૂળ હતી તેવી શાલો તૈયાર કરવામાં આવી.

૧૯૭૦ઓ: રાષ્ટ્રીય પુરસ્કારો મારફત કચ્છના વણકરોને તેઓની આવડતો માટે માન્યતા મળવાની શરૂઆત થવા લાગી.

૧૯૭૫ થી આગળ ઉપર: 'મિગમ' કે 'ગરવી ગુર્જરી' તરીકે જાણીતાં ગુજરાત રાજ્ય હસ્તકળા અને હાથશાળ વિકાસ નિગમ (GSH&HDC)એ વણકરોને રાજ્ય સમર્થનની ઓફર કરી/પ્રસ્તાવ મૂક્યો, જેણે ગામડાંઓમાં હસ્તકળા ઉત્પાદનને પ્રોત્સાહન આપ્યું.

૧૯૭૬: દિલ્હીની બજારમાં હાજા સુજા વણકર દ્વારા કૃત્રિમ ઔદ્યોગિક તાંતણાંઓ, એકીલીકને શોધી કાઢવામાં આવ્યું. તેણે પસંદગી કરવા માટે અગાઉથી રંગ કરેલ રંગોની ઓફર કરી અને જે સસ્તાં હતાં. તે ઝડપથી ફેલાયું અને કચ્છની શાલને પ્રખ્યાત કરી દીધી. ત્યારબાદ,કચ્છમાં અને બાકીનાં ભારતમાં એક્રીલીક તાંતણાઓનો ઉપયોગ નોંધપાત્ર રીતે વધવા લાગ્યો.

૧૯૮૦ઓ: કપાસનાથોડાક ભાગનો (ચાદર અને ઘરનાં લીનન માટે) ઉપયોગ કરવા સાથે મોટા ભાગે મેરીનો ઊનનો ઉપયોગ કરીને બહારની બજારો માટે નવાં ઉત્પાદનોમાં વૈવિધ્યતા લાવીને મેઘવાલો, જેઓ અગાઉ અંશકાલીન વણકરો હતા તેઓએ પૂર્ણ સમયે વણાટકામ શરુ કર્યું, જેથી ઘણા માટે તે કાર્યક્ષમ આજીવિકા બની.ઓછી માંગ અને કિમતને કારણે સ્થાનિક (દેશી) કપાસ અને દેશી ઊને પસંદગી ગુમાવી.

૧૯૯૧-૯૨: ગરવી ગુર્જરીમાંથી શાલ માટે સારા જથ્થામાં વરદી હતી. હસ્તકળામાં વિવિધ પ્રભાવ સાથે આર્થિક ઉદારતાવાદી નીતિઓ અમલમાં હતી. આર્થિક ઉદારતાને કારણે નિકાસમાં ઉછાળો આવ્યો હતો; એકીલીકની શાલો મોટા ભાગે મધ્યપૂર્વમાં નિકાસ થઇ રહી હતી જ્યાં તેનું વસ્ત્રોમાં રુપાંતરણ થતું હતું.

૧૯૯૫: શાલની ડીઝાઇનમાં રેયોનનો હાંસિયામાં ઉપયોગ થતો હતો પરંતુ કચ્છ વણાટના થોડાક ભાગમાં મશરુ વણાટમાં રેશમની જગા લીધી.

૧૯૯૦ઓ: લુધિયાણાના પાવરલૂમ એકમોએ એક્રીલીક તાંતણામાં કચ્છ શાલનું નકલી ઉત્પાદન શરુ કર્યું. અને બન્ને સ્થાનિક અને દૂરની બજારોમાં હાથશાળની શાલ કરતાં સસ્તા ભાવે તેનું વેંચાણ કર્યું.

૨૦૦૦ઓની શરૂઆતમાં: ભુજોડી અને સરલી જેવાં ગામડાંઓમાં વણાટકામની પ્રવૃતિ કેન્દ્રિત થઇ. સરલીનું લક્ષ્ય વધારે પડતું જથ્થાબંધ અને નિકાસ તરફી હતું જ્યારે ભુજની નજીક હોઇ ભુજોડીએ પ્રવાસીઓ અને સ્થાનિક છૂટક બજારની માંગને વધારે સંભાળી.

૨૦૦૧: જબરદ્સ્ત ભૂકંપે કચ્છનો વિનાશ કર્યો; શાળો, ઘરો કે અન્ય સગવડોના નાશને કારણે વણકરોને હસ્તકળામાં ગંભીર ઘટાડો સહન કરવો પડ્યો;કેટલાક વણકરો નવા સ્થપાયેલ ઉદ્યોગોમાં કામ કરવા માટે છોડી ગયા.

૨૦૦૫: ગ્રામ્ય કારીગરોમાટેની ડીઝાઇન સંસ્થા કલા રક્ષા વિધ્યાલયની (KRV) સ્થાપના થઇ.

૨૦૦૭- આગળ ઉપર: દસ્તકારનાં સમર્થના સાથે ખમીરએ વણકરોની વાત કહેતાં પ્રદર્શનોનું આયોજન કર્યું,જેણે ૩ ઉપરાંત વર્ષોમાં વણકરોના વિવિધ ભાગોને એકઠા કર્યા, ડીઝાઇન અને ઉત્પાદન/પેદાશ વૈવિધ્યતા ઉપર લક્ષ કેન્દ્રિત કર્યું. આ પ્રદર્શનોએ ગણગણાટ ઉભો કર્યો, વધારે ખરીદદારો લાવ્યાં અને ફેબઇન્ડીયા જેવી સંસ્થાઓ માટે વણકર આધારને વિસ્તૃત કર્યો.

ખમીરએ કાલા કપાસ (દેશી જાત, વરસાદ પોષિત)ની ખેતીથી કાપડ ઉત્પાદન સુધીની મૂલ્ય શ્રુંખલાની પહેલ કરી, જેણે આગળ ઉપર લોકોની કલ્પનાઓને જાણી અને હાથશાળ પુનરુથ્થાન નું કેન્દ્ર બન્યું. વણાટ માટે પ્લાસ્ટીક કચરાનું, ગ્રામ્ય મહિલાઓની આજીવિકા આસપાસ કેન્દ્રિત અપ્સાયકલીન્ગ હાથ ધરવામાં આવેલ.

૨૦૦૯: લુધિયાણાના પાવરલૂમો જેણે કચ્છી ભાત/ડીઝાઇનને પૂન:ઉત્પાદિત કરી તેના પ્રભાવને ઘટાડવા અને તેની ઓળખને રક્ષણ આપવા માટે,કચ્છ શાલ માટે ભૌગોલિક સૂચક નિશાની (Geographical Indication mark) માટે અરજી કરવા,ખમીરનાં સમર્થન સાથે વણકરોએ કચ્છ વણકર સંગઠન(KWA)ની રચના કરી.

૨૦૧૪: KRV નો જ અભ્યાસક્રમ ચાલુ રાખીને હસ્તકળા કારીગરો માટેને એક અન્ય ડીઝાઇન શાળા, સોમૈયા કલા વિદ્યા (SKV)ની સ્થાપના કરવામાં આવેલ. અભ્યાસક્રમમાં વેપાર અને વ્યવસ્થાપન અભ્યાસનો સમાવેશ થાય છે.

વર્તમાન પરિસ્થિતિ: કેટલાંક ગામડાંઓમાં હાથશાળ વણાટકામ સમૃધ્ધ/ફૂલેફાલે છે. બજારની રચનામાં બદલાવ/પલટો , રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રદર્શનો,રાષ્ટ્રીય અને વિદેશી પ્રવાસન, ફેશન ડીઝાઇનરોઅને સામાજીક માધ્યમોએ માંગ વધારી છે, ક્ષેત્રમાં મજબુતતા લાવી છે.સીધા સંપર્ક અને /અથવા રચનાત્મક સહયોગો સહિત બહારની બજારોને પહોંચી વળવા માટે નવા સમુદાય આધારિત સંબંધો **વિકાસ પામ્યા છે અને ઉદ્યમીતાનો વિકાસ થયો છે.** અગાઉ ૨૦૦૦માં માત્ર ૧૦-૧૨ ઉદ્યમીઓ હતા જેઓએઉત્પાદનમાં રોકાણ કરેલ અને સ્થાનિક અને દૂરની બજારો સુધી પહોંચ્યા હતા; હાલે ૫૦ ઉપર છે. તેમના ઊંડાણપૂર્વકના અભ્યાસના પ્રારંભિક તારણો દર્શાવે છે કે, ૬૨ ગામોમાં ૧૦૦૦થી વધારે વણકરો પૂર્ણ સમયનું વણાટ કરી રહ્યા છે. તેમાંથી અભ્યાસમાં ૧૫ ગામોના ૬૦૦ વણકરોને આવરી લેવામાં આવ્યા છે.

૩.૩ વિવિધ આયામોમાં પરિવર્તનો

વણાટકામનાંપુનરુથ્થાનમાં વણકરોનાં જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં વિભાગીકરણ હતું. આકૃતિ ૨ માં થઇ રહેલ પરિવર્તનોનું એક સરળ વિહંગાવલોકન આપવામાં આવેલ છે; આ દરેકનો નીચેના વિભાગમાં ખુલાસો કરવામાં આવેલ છે.

આકૃતિ ૨: વણકરોનાં જીવનમાં વણાટનાં પૂનરુથ્થાનને કારણે આવેલ બહુ આયામી પરિવર્તનો (તીરો પ્રભાવની અસરની દિશા દર્શાવે છે)



૩.૩.૧ આર્થિક ક્ષેત્ર

આર્થિક આજીવિકાનું પૂનરુથ્થાન જે સદીના શરૂઆતના ભાગમાં ગંભીર ઘટાડામાં હતું અને પરિણામે વણકર સમુદાયના એક ભાગ માટે આજીવિકા સલામતી, એ પરિવર્તનનું એક સૌથી દેખીતું પાસું છે. એ નોંધવું મહત્વનું છે કે, આ પૂનરુથ્થાન, સ્થાનિક પારંપરિક જ્ઞાન અને સ્થાનિકે (પરિવાર)માલિકીના ઉત્પાદનનાં સાધનો ઉપર ઘડાયા છે. અન્ય સમુદાયો,જેઓના કચ્છમાં કે ભારતમાં અન્ય સ્થળોએ પારંપરિક વ્યવસાયો અને આજીવિકાઓ ઘટ્યા છે, તેઓની પરિસ્થિતિ કરતાં આ વિપરીત છે.'પ્રાથમિક' ક્ષેત્ર ઉપર નિર્ભર લાખો ખેડૂતો, માછીમારો, હસ્તકળા કારીગરો, વનવિચરકો અને અન્યો, ઉત્પાદક કુદરતી સંપદાઓ (જમીન સહિત) ગુમાવવાને કારણે કે સદંતર વિસ્થાપનને કારણે 'અણઆવડત' વાળા થઇ ગયા છે અને તેઓને મોટા પાયાના ઉદ્યોગો, બાંધકામ, નોકરીઓ કે 'આધુનિક' અર્થવ્યવસ્થાના અન્ય ભાગો જેવા તદન નવા પ્રકારની પ્રવૃતિ ઓમાં અસલામત, ઓછા વેતનાવાળા અને જુદા પાડતા વ્યવસાયમાં બદલાવ/પલટાવવું પડ્યું છે અને તેઓનાં પોતાનાં જ્ઞાનને બિનૌપયોગી માનવામાં આવે છે અને જ્યાં ઉત્પાદનનાં સાધનો સંપૂર્ણપણે કે મુખ્યત્વે અન્ય લોકોની(રાજ્ય કે ખાનગી) માલિકીનાં છે.[6]

જીવનધોરણમાં બદલાવ/પલટો, રહેણાક અને અન્ય સૂચકાંકોમાં.[7] દેખીતી રીતે જોઇ શકાય છે તેમ, હાથશાળ વણાટનાં પૂનરુથ્થાન સાથે વણકર સમુદાયના ઓછામાં ઓછા એક ભાગ માટે આવકમાં વધારો જોવા મળે છે. કેટલાક ઉદ્યમી વણકરો(જેઓ પોતાનાં ઉત્પાદન વેંચી શકે છે) ની ભારતનાં મહાનગરોમાં બહારની અને યુરોપના દેશોની બજારો સુધી, સીધી કે વચેટીયાઓ મારફતે મોટી પહોંચ છે.

કેટલાક વણકરોના કિસ્સાઓમાં પણ કે જેઓ ઉદ્યમીઓ નથી પરંતુ ઉદ્યમી વણકરો માટે 'પરચૂરણ કામ' કરે છે, તેઓની આવકમાં વધારો થયો છે. અમુક અંશે આ ક્ષેત્રમાં બજારની તકોમાં એકંદર વધારાને કારણે અને અમુક અંશે ખમીર દ્વારા પોતા માટે કામ કરતા વણકરોને ઉંચાં વેતન આપવાના અને તેથી ઉદ્યમીઓને પણ વેતન વધારવા માટે દબાણ કરવાનાં સહેતુક પગલાંઓને કારણે આવું થયું છે.

કેટલાક યુવાનો ઓનાં તેમાં ચાલુ રહેવાથી કે પરત ફરવા સાથે,કચ્છનાં કેટલાંય ગામડાંઓમાં હાથશાળ વણાટનો એકંદર વ્યવસાયીક સ્થળાંતરને અટકાવવામાં કે ઉલ્ટું કરવામાં પણ પરિણમ્યો છે. ભારતભરમાં,

---

6. શ્રીવસ્તવ અને કોઠારી (૨૦૧૨); સદગોપાલ (૨૦૧૬); બસોલે (૨૦૧૮)), સુંદર (૨૦૧૮).

7. સંપૂરણ અભ્યાસમાં આવક વગેરે ઉપરનાં કેટલાંક મહત્વના આંકડાઓ હશે.

પારંપરિક વ્યવસાયને છોડવાના નવી પેઢીનાં સામાન્ય વલણથી આ વિપરીત છે અનેકચ્છના વણકરોમાં પણ કોઇ પણ રીતે, એક પ્રભાવશાળી પ્રક્રિયા છે અને તે આવી આજીવિકાની યુવાનો ઓમાં રસ ઉત્પન કરવાની એક સંભાવના દર્શાવે છે. આ અને અન્ય કારણોવસાત, સરકાર અને નિગમો દ્વારા આગળ લાવવામાં આવતાં વૃતાંતો કે કચ્છમાં (અને અન્ય સ્થળોએ)આર્થિક સમૃધ્ધિ અને રોજગાર નિર્માણ માટે મોટા પાયાનું ઔદ્યોગીકરણ જ એક માત્ર માર્ગ છે તેનો મહત્વનો વિકલ્પ બને છે.ઔદ્યોગીકરણ આ ક્ષેત્રમાં પર્યવરણીય અને સામાજીક ગંભીર ભંગાણ તરફ દોરી જ જઇ રહ્યું છે તે સંદર્ભે આવા વિકલ્પની શોધ કરવી તાત્કાલિક જરૂરી બને છે.

યુવા વણકરો તેમના જીવન અને આજીવિકામાં આવેલા પરિવર્તનોને અભ્યાસ દરમ્યાન વિવિધ ચર્ચાના આધારે સમજી રહ્યા છે.

આવાં પુનરુથ્થાન માટેનું બીજું એક મહત્વનું પાસું તે છે કે, હાથશાળ વણાટકામ જ્યારે વિવેચનાત્મક રીતે એક બજાર (સ્થાનિક કે રાષ્ટ્રીય/વૈશ્વિક)નાં અસ્તિત્વ ઉપર આધારિત છે ત્યારે તેને કેવળ એક વાણિજ્યવિષયક પ્રવૃતિ નથી, પરંતુ સામાજીક, સાંસ્કૃતિક, ભાવનાત્મક, બૌધ્ધિક મહત્વ સાથેને એક ઘટના તરીકે પણ જોવાની છે. આ બાબત ઉપર આપણે આગળ ઉપર વિચારશું.

આ સમુદાયમાં ઉત્તેજનની એક મજબુત પરંપરા રહી છે, એટલે કે, વડીલ/પ્રોત્સાહક જે સમુદાયના નબળા સભ્યોનું રક્ષણ કરે છે અને તેના સલામતીની ખાતરી રાખે છે. આ મનોસ્થિતિ એક મુખ્ય હસ્તકળા કારીગરની પ્રણાલીમાં સમાવિષ્ટ થઇ છે, જ્યાં મુખ્ય વણકર ઉદ્યમી કાચો માલ, ડીઝાઇન અને વેંચાણનું નિયંત્રણ કરે છે જ્યારે વણકરો વેતન માટે વણાટકામ કરે છે. ૨૦૦૦ની શરૂઆત સુધી આવું જ થતું હતું પરંતુ ત્યારબાદના આવેલા આર્થિક બદલાવો હવે વધારે પડતી જટિલ તામાં પરિણમ્યા છે. અગાઉ વણાટકામમાં ચાર મુખ્ય પ્રકારના લોકો હતા,તે પૈકીના મોટા ભાગના અંશ કાલીન કારણ કે, વણાટકામ એ એક માત્ર વ્યવસાય ન હતો:

અ. બન્ને, સ્થાનિક અને બહારની બજારોને માલ પૂરો પાડતો મુખ્ય કારીગર[8]

8. બહારની બજાર અને હસ્તકળા કારીગરોને સરકાર દ્વારા આપવામાં આવતા પુરસ્કારો આપવાનાં આગમનની સાથે જે એક શબ્દ જોવા મળે છે અને વણકરોમાં(જે પાસાંનો અહી અભ્યાસ કરવામાં નથી અવ્યો) તેની પોતાની સત્તા ગતશીલતા બનાવી હોવાનું લાગે છે.

બ. મર્યાદિત ક્ષમતાવાળા ઉદ્યમીઓ જેઓ મુખ્યત્વે સ્થાનિક બજાર અને મુખ્ય કારીગરને માલ પૂરો પાડતા હોય.

ક. પરચુરણ કામ કરતા વણકરો

ડ. શાળ-પૂર્વ તૈયારી કરતા કામદારો, મોટે ભાગે મહિલાઓ.

હવે બન્ને, ઉદ્યમીઓ અને પરચુરણ કામ કરનારાઓ અંશકાલીન અને પૂર્ણ સમયના, અર્ધ-કુશળ અને કુશળ;માત્ર એકીલીકનો જ ઉપયોગ કરતા અને જેઓ કાલા સાથે ક્યારેક અન્ય સામગ્રીનો ઉપયોગ કરતાકારીગરોમાં વહેંચાઇ ગયા છે; વણકરો કે જેઓ મુખ્યત્વે બહારની બજારોને માલ પૂરો પાડે છે અને અન્યો કે જેઓ સ્થાનિક બજાર (ઘટતી જતી)ને માલ પૂરો પાડવાનું ચાલુ રાખે છે: અને તેઓ પૈકીમાં યુવાનો વણકરો અને મહિલાઓ જે પૈકીના અમુક પાસે તેઓના પોતાના બજાર સંપર્કો છે તેને કારણે વધારે જટિલ પરિસ્થિતિ આવી છે.

કચ્છના મોટીફ અને પેટર્નના આધારે બનેલી સાડી, કોટાય ગામ.

કચ્છના વણકરોએ બહારના બજારો માટે બનાવેલા સ્ટોલ અને મફલર જેવા વૈવિધ્યપૂર્ણ ઉત્પાદનો

ખમીરની સુગમતાની સાથે વણકર સમુદાય પાસે પણ બજારને સ્પષ્ટ રીતે માત્ર પ્રતિસાદ આપવાને બદલે તેને વ્યાખ્યાયિત કરવાનું થોડું નિયંત્રણ આવી ગયું હોવાનું લાગે છે. દાખલા તરીકે,વાસ્તવમાં, કાલા કપાસ કાપડ અને વસ્ત્રો માટે એક બજાર તૈયાર થઇ છે (જૈવિક ખાદ્યાન માટે ભારતના કેટલાક ભાગોમાં કે વિશ્વમાં

જેવી રીતે એક બજાર ઉભી થઇ છેલગભગ તેવીજ રીતે). વણકર વસાહતોમાં સૌથી સમૃધ્ધ ભુજોડીના ઉદ્યમીઓએ 'ભુજોડી સાડી' માટે એક માંગ ઉભી કરી છે. જ્યારે દુપટ્ટાઓની માંગ ઘટી ત્યારે વણકરો સ્ટોલ અને ખેસ જેવાં ઉત્પાદનો લાવ્યા. ભૂકંપ વખતે પૂન:વસન પ્રયત્નોના એક ભાગ તરીકે વિવિધ સહાય સંસ્થાઓ અને સરકારી સંગઠનો દ્વારા લાવવામાં આવેલ ડીઝાઇનરો દ્વારા પ્રથમ સ્ટોલ્સની ડીઝાઇન તૈયાર થઇ. આવાં ઉત્પાદનોની પડતર કિમત પણ અમુક અંશે ઉત્પાદકો કે ખમીર જેવા વચેટીયાઓના હાથમાં હોય છે, ઉત્પાદક પોતાને મળતા ભાવથી સંતુષ્ટ હોવાનું વ્યક્ત કરતા હોય છે. (એકદમ વિપરીત, દાખલા તરીકે,ભારતના મોટા ભાગોમાં જ્યાં તેઓ સહકારી મંડળીઓ કે કંપનીઓ તરીકે કે તેઓ જૈવિક ખાદ્યાન્ન જેવી વિશિષ્ટ બજારમાં સંગઠીત નથી ત્યાં ખેડૂતોને તેઓનાં ઉત્પાદન માટે જે મળે છે)

નિર્બળતાના તેના પોતાના મુદ્દા *૧૭,બન્ને, સ્થાનિક અને વ્યાપક સમાજમાં મેક્રો-આર્થિક અને વર્ગ અસમાનતાને પડકારોની(કે માત્ર નબળા) ગેરહાજરી, એક પ્રણાલી તરીકે મૂડીવાદને પડકારની ગેરહાજરી, અને (નીચી વર્ણન કર્યા મુજબ) કેટલાક નકારાત્મક પારિસ્થિતિક વિભાગીકરણો સાથે એ હકીકતને ચોક્કસપણે નથી બદલાતી કે પુનરૂથ્થાન પ્રાથમિક રીતે બાહ્ય બજાર(વિદેશ સહિતની) ઉપર નિર્ભર છે.

બીજો નિર્ણાયક મુદ્દો ઇ છે કે, ગત કેટલાક દાયકાઓથી, વણાટકામ પ્રાથમિકપણે સ્થાનિક આર્થિક લેતીદેતી પુરતું મર્યાદિત હોવામાંથી વધારે વૈશ્વિક પરિવર્તન પામ્યું છે. દાખલા તરીકે,ઊન જેવો કાચો માલ સ્થાનિક પશુપાલકો પાસેથી આવતો હતો અને વણકરો દ્વારા વણવામાં આવતું કાપડ તેઓને પાછું આપવામાં આવતું હતું;આના જેવી અન્ય સ્થાનિક સ્તરે પ્રક્રિયાઓ હતી.એક મોટો બદલાવ/પલટો ત્યારે આવ્યો જ્યારે ૧૯૭૦માં આ ક્ષેત્રની બહાર ઉત્પાદિત એક્રીલીક એક તાંતણાં/રેષા તરીકે રજૂ થયું, જેનો ઉપયોગ કરવો સરળ હોઇ વણાટમાં વૃધ્ધિ શક્ય બની, પરંતુ ઉત્પાદન સ્થાનિકે અને ક્ષેત્રની બહાર વેંચાવા લાગ્યું. હાલે પરિસ્થિતિ મિશ્ર છે;જ્યાં કાલા કપાસ સ્થાનિકે ઉત્પાદિત થાય છે, સ્થાનિક ખેડૂત સમુદાયો સાથે કડી સ્થપાય છે કે પૂન: સ્થપાય છે, ત્યાં તેમાંથી ઉત્પાદિત થતું કાપડનું વેંચાણ મુખ્યત્વે બહાર થાય છે. વધારામાં, એક્રીલીક કરતાં કામ કરવામાં અને તેમાં વિવિધતા લાવવામાં તે તાંતણાં વધારે મુશ્કેલ છે, અને થોડીક કાર્યકારી મૂડી ધરાવતા કે સંગ્રહ કરવાની ક્ષમતા રાખતા ઉદ્યમીઓ જ તેનો મોટા જથ્થામાં સંગ્રહ કરી શકે છે, અને આમ પરચૂરણ કામ કરતા કે નાના ઉદ્યમીઓને વંચિત બનાવે છે. એકંદરે, અન્ય સ્થાનિક સમુદાયો જેવા કે, પશુપાલક રબારીઓ, ખેતી કરતા કે વેપારધંધા આધારિત આહિરો/પટેલો અને અન્યો સાથેનાં આર્થિક જોડાણો નોંધપાત્ર પ્રમાણમાં ઘટ્યાં છે. તે સદંતર બંધ નથી થયાં (ખાસ કરીને શહેરી અને બજાર સ્થળ તરીકે ભુજથી દૂર, જેવાં કે ધાણીથર ગામ) પારંપરિક સંબંધો અમુક સ્વરૂપે ચાલુ રહ્યા છે.

જેમાં નોંધપાત્ર વધારો થયો છે તે છે ભારતનાં મહાનગરો અને વિદેશના અમીર ઉપભોક્તાઓ સાથેનું જોડાણ; આનો અર્થ એવો થયો કે,સ્થાનિક પુનરૂથ્થાન ભદ્ર ઉપભોક્તાઓના આધારે છે, એક વક્રોક્તિ જેની અવગણના ન કરી શકાય.એક ઉજ્જ્વળ રેખા ઇ છે કે, તે વૈશ્વિક બજારના એ ભાગની જરૂરીયતોને સંતોષે છે જેને પારિસ્થિતિક, આરોગ્ય અને સામાજીક મુદ્દાઓ બાબતે અમુક અંશે પણ થોડીક ચિંતા છે અને એવુંધારીએ કે, પર્યાવરણ, ઉત્પાદકો અને તેઓની અને અન્યોના આરોગ્યને ધ્યાને રાખીને આવાં ઉત્પાદનો ખરીદે છે.[૯]

પહેલી નજરે જે દેખાય છે તે સમુદાયમાં વધેલ સમૃધ્ધિનું નુકશાન છે,વણકરોમાં પોતામાં આર્થિક અસમાનતાનો વધારો. અગાઉના સમયગાળા માટે બતાવી શકાય તેવી આપણા પાસે કોઇ પાયાના સ્તરની વિગતો નથી, પરંતુ વરિષ્ઠ વણકરો કબૂલે છે કે, ગત ઓછામાં ઓછા ૪-૫ દાયકાઓ જ્યારે મોટા ભાગના વણકરો આવકના સમાન સ્તર ઉપર હતા,તેની સરખામણીએ, અસમાનતા વધી છે. ઉદ્યમી વણકરો (ખાસ કરીને જેઓએ પોતાના વેંચાણ (/બજાર પાયા/આધારને નોંધનીય રીતે વિસ્તૃત કરેલ છે અને સારા પ્રમાણમાં કામદારોને નોકરીએ રાખે છે) અને પરચૂરણ કામ કરનારાઓ વચ્ચે આવુંખાસ છે. આ અભ્યાસમાં કેટલાંક ગામડાંઓમાં,બન્નેની જીવન પરિસ્થિતિમાં કેટલાક વસ્તુત: ઉડીને આંખે વળગે તેવા ફરક નજરે પડ્યા,અલબત કેટલાક પરચૂરણ કામ કરનારાઓમાં પણ આવું જોવા મળ્યું કે જેઓએ

૯. જો કે આ અભ્યાસ આ પાસાં બાબતે વૈશ્વકિ ખરીદદારો કે વેપારીઓના અભપ્રિાય ન મેળવી શક્યો.

અગાઉના કરતાં અત્યારે નોંધપાત્ર બહેતર પરિસ્થિતિ હોવાનું વ્યક્ત કર્યું. ઓછામાં ઓછા કેટલાક પરચૂરણ કામ કરનારાઓમાં,અન્ય કોઇની માફક વણાટકામને માત્ર શારીરિક મજૂરી તરીએકે માનવામાં આવ્તું હોઇ તેઓમાં એક પ્રકારની જુદાઇની સંવેદના છે, અને આવા લોકો માટે વિમુખ મજૂરીની કલ્પના યોગ્ય હોવાનું લાગે છે.

અન્ય નોંધપાત્ર ઘટના છે વણકર સમુદાય વચ્ચે ભૌગોલિક અસમાનતા. જીલ્લાનાં મુખ્ય મથક ભુજની નજીકનાં અને/અથવા જ્યાં ખમીર જેવી સંસ્થાઓ સક્રિય છે તે ગામડાંઓ, અન્ય કરતાં સ્પષ્ટપણે વધારે સારું કામ કરે છે. ઉપર સંદર્ભિત સામાન્ય સર્વે (લક્ષિત અભ્યાસ માટે પસંદ કરેલાં ૧૫ ગામડાંઓ ઉપરાંત) સ્પષ્ટપણે દર્શાવે છે કે, જે ગામડાંઓ આવા ફાયદા નથી ધરાવતાં ત્યાંના વણકરોમાં તકલીફ/અસંતોષ પ્રવર્તે છે. વરિષ્ઠ વણકરો સાથીની ચર્ચામાં,આ અસમાનતાઓની સ્પષ્ટ માન્યતા નજરે પડી; ઉભરી આવેલ એક સૂચન એ હતું કે, આવા 'દૂરસ્થ' વિસ્તારોમાંના વણકરોને ઉદ્યમીઓએ કાલા કપાસ અને અન્ય કામો આપવા ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ, તેમજ એક્ષીલીક્સમાં વધારે નવીનતા/વૈવિધ્ય માટે સક્ષમ બનાવવા જોઇએ, જેથી કેટલીક ભૌગોલિક અસમાનતાઓ ઘટાડી શકાય. એ હકીકત તરફ પણ તેઓએ ધ્યાન દોર્યું કે જે વસાહતોમાં વણકર પરિવારો બહુ નાની બહુમતિમાં છે તેના કરતાં ભુજોડી જેવી વસાહતોમાં વણકરોનો મોટો નિર્ણાયક સમૂહ છે, જેઓ જાતિ દમન અને આર્થિક સીમાંતપણાની સામે ઉભા રહેવા સક્ષમ હતા.

રસપ્રદ, સામાજીક બાબતોમાં જ્યારે એકજૂટતા/સુસંગતતા ઉંચા સ્તરની અને વ્યક્તિગત અને આંતર સમુદાય સમર્થન (દા.ત. જો કોઇને ન પરવડે તો લગ્ન કે અન્ય પ્રસંગો માટે દાન કે લોન)હોવાનું કહેવાય છે, પરંતુ તે આર્થિક ક્ષેત્રમાં રૂપાંતરિત/અનુવાદિત નથી થતું.પ્રસંગોપાત ચર્ચા (આ અભ્યાસના ભાગ તરીકે સહિત)થઇ હોવા છતાં, આર્થિક રીતે સમૃધ્ધ વણકરો નબળા લોકોને સહાય કરે તે બાબતે બહુ ઓછું વિચારાયું છે. તો પણ આ અસમાનતાને કારણે અમને આકરો રોષ કે સંઘર્ષની લાગણી જોવા નમળી. વરિષ્ઠ વણકરો, જેઓ કેન્દ્રસ્થ અભ્યાસ જૂથમાં હતા તેઓએ આની પાછળનાં નીચેનાં પરિબળોનો ઉલ્લેખ કર્યો: આર્થિક અસમાનતાઓ હજી એટલી બધી મોટી નથી જેને શોષણાત્મક માની શકાય અને એવી કોઇ લાગણી નથી કે કેટલાક વણકરોએ ઇરાદાપૂર્વક આવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે;કેટલાક કિસ્સાઓમાં,પોતાની પરિસ્થિતિને સુધારવા માટેનાં સક્રિયપણાનો અભાવ છે,કે જેનું ભાન થાય તેવી વણાટકામની સક્ષમતાઓ નીચી છે,પરસ્પર સહાય (સામાજીક મુદ્દાઓ માટે) અને સંભાળના સંબંધો હજી પણ કામ કરે છે, અને અંતે જેઓ આર્થિકરીતે અસમાન છે તેઓ વચ્ચે સામાજીક સમાનતા અને સમાન ધાર્મિક કે અધ્યાત્મિક ઓળખની એક મજબુત લાગણી પ્રવર્તે છે.

એ પણ રસપ્રદ છે કે, મોટા ભાગના વણકરો, ખાસ કરીને પરચૂરણ કામ કરનારાઓ, પોતે તૈયાર કરેલ ઉત્પાદનો, ખાસ કરીને જો તે કાલા કપાસ હોય તો નથી પહેરતા, કારણકે તેઓને તે પરવડતાં નથી !! કેટલાક ઉદ્યમીઓએ કાલા કપાસ પહેરવાનું નક્કી જ કર્યું છે અને એવી ચર્ચા છે કે,કદાચ બધું જ (કાપડ) વેંચી નાખવા કરતાં વણકરો દ્વારા કેટલાક વધારાના વાર(લંબાઈનું કાપડ) જાળવી રાખીને, આને અન્યો (ખાસ કરીને યુવાનો ઓ)માં કેમ વધારી શકાય.

૩.૩.૨ સામાજીક-સાંસ્કૃતિક ક્ષેત્ર

સામન્યતયા ભારતીય સમાજ સમુદાયોમાં અને વચ્ચે માફકસરથી ગંભીર અસમાનતાઓની લાક્ષણિકતાઓ રહેલી છે. આનો સંબંધ, જાતિવાદ (ખાસ કરીને હિંદુ સમાજમાં પ્રવર્તે છે પરંતુ અન્ય મુખ્ય ધર્મોને અનુસરતા સમુદાયોમાં પણ, અને આદિવાસીઓ અને કે દેશી/જનજાતિ લોકોમાં ઘણું ઓછું પ્રવર્તમાન છે), પિતૃપ્રધાનતા અને મર્દાનગી (લગભગ સાર્વત્રિક, છતાં દેશી/જનજાતિમાં ફરીથી ઓછું ઉચ્ચારિત), સમુદાય(આદિવાસી અને બિન આદિવાસીઓ કે જુદા જુદા ધાર્મિક સમૂહો વચ્ચે),'સક્ષમતા' ((દિવ્યાંગ લોકો તરફ ભેદભાવ રાખીને), ઉમર (યોગ્ય સન્માનથી આગળ વધીને યુવાનો ઓને પોતાની જાતને વ્યક્ત કરવા દેવાનો અવકાસ આપવાના ગંભીર અભાવ સુધીનું વડીલોનું વર્ચસ્વ) અને અન્યો સાથે છે. આ અભ્યાસે, આ પાસાંઓ પૈકીનાં કેટલાંકમાં પરિવર્તનો જો અને કેમથઇ શક્યાં હોય તે સમજવા માટેના પ્રયાસ કર્યા.

જાતિ: જાતિવાદમાં ઘટાડાના સ્પષ્ટ અને એકધારા અહેવાલો છે, ખાસ કરીને અસ્પૃશ્યતાના સૌથી ખરાબ સ્વરૂપમાં, વણકરો જેના પરંપરાથી આધીન હતા. કેટલાક વરિષ્ઠ વણકરોએ તેઓ જેને આધીન હતા તે સામાજીક કલંકો, જેવાં કે, જે જાતિઓ સાથે તેઓના આર્થિક સંબંધો હોય તેવા અન્ય સમુદાયોનાં ઘરોમાં દાખલ ન થવું કે તેની 'અશુધ્ધી'થી છૂટકારો મેળવવા પાણી છાંટ્યા વગર તેઓનાં કપડાં ન સ્વીકારવાંની જુદી જુદી રીતો બાબતે વાતો કરી. અસ્પૃશ્યતા સાથે સંકળાયેલ આ રીતો જેવાં જાતિવાદનાં સૌથી ખરાબ સ્વરૂપો દૂર થવાના માર્ગે હોવાના અહેવાલો છે, અને અન્ય સમુદાયો સાથેના સંબંધો ખાસ કરીને યુવાનો ઓમાં,વધારે સમાન ધોરણો ઉપર વધતા દેખાય છે. પરંતુ, કોઇ પણ સંજોગોમાં જાતિવાદ દૂર નથી થયો,કેટલાંક મંદિરોમાં પ્રવેશ મર્યાદા, કે કેટલીક દુકાનોમાં વણકરોના ઉપયોગ માટેના કપ કે ગ્લાસને છૂપાવીને રાખવા જેવા ગૂઢ પ્રકારો સહિતના સતત ચાલતા ભેદભાવો વિશે કેટલાક વણકરોએ જણાવ્યું. એવું દેખાય છે કે, જ્યાં તે સ્વરૂપ અને તીવ્રતામાં ઘટ્યું છે ત્યાં તે અમુક અંશે વણકરોની સુધરેલ/ઉપર આવેલ આર્થિક પરિસ્થિતિને કારણે છે: કેટલાક વણકરોએ કહ્યું કે, તેઓની વધારે મિલ્કતની પરિસ્થિતિ, બહારની દુનિયા સાથેના તેઓના સંપર્કો,આત્મવિશ્વાસનું ઉચ્ચ સ્તર,અને વણાટનાં પુનરુત્થાન સાથે સંકળાયેલ અન્ય પાસાંઓ મહત્વનાં પરિબળો હતાં. પરંતુ ઘણા લોકોએ સામાજીક સુધારકો, શિક્ષણ અને કાયદો અને અન્ય સમુદાયો સાથે ઘઍટતા જતા આર્થિક સંબંધો, નવી પેઢી જાતીવાદી પરંપરાઓમાં ઘણી ઓછી ભીંજાયેલ/પ્રભાવિત હોવા સાથે અન્ય મહત્વના પરિબળો છે. આવાં 'પશ્ચાદભૂમિકા' પરિબળોની સંબંધિત ભૂમિકા કે વણાટમાંનાં પરિવર્તનો સાથેની સરખામણી, ઊંડા અને વ્યાપક અભ્યાસ વગર નક્કી કરવી શક્ય નથી.

ભજન પરંપરાએ કચ્છના વણકરોના જીવન અને સંસ્કૃતિનો અભિન્ન ભાગ છે. તેના અને વણાટ વચ્ચેના અનુબંધથી તેઓ જીવનની ફિલસૂફીને વ્યક્ત કરે છે. આ મંડળી ભુજોડીની છે.

જે જ્ઞાતિ સામે વ્યવસ્થિતપણે અને એકંદર ભેદભાવ રાખવામાં આવેલ હોય અને જે ઘણી બધી પેઢીઓથી (શક્ય છે કે સદીઓથી) દલિત/પીડિત રહેલ હોય, અને અસ્પૃશ્યતાની નિંદાનો સામનો કર્યો હોય ત્યાં જાતિવાદમાં નોંધપાત્ર ઘટાડો એ મોટું પરિવર્તન છે. ગામડાંઓમાં કે જ્યાં વણકરો રહે છે ત્યાંની જ્ઞાતિઓમાં સમાનતાની સમજમાં એકંદર વધારો છે કે શું અને ઉપરાંતમાં, એક ઘટના તરીકે જ્ઞાતિ પોતે ધીરે ધીરે ખતમ થઇ રહી છે કે કેમ તે કહેવું અઘરું છે. આવી સમજણ માટેઅભ્યાસમાં શક્ય હતું તેથી શક્ય હતું તેના કરતાં વધારે ટકાઉ સામેલપણાંની સાથે અને સમુદાયોનાં જીવન માં શોષણ/ભળી જવાની જરૂર પડશે.

લિંગ: વણાટકામનું પુનરૂથ્થાન એક પરિબળ હોઇ મહિલા સશક્તિકરણમાં સામાન્ય વધારો હોવાનું દેખાય છે. સૂચકાંકોમાં સમાવિષ્ટ છે: કેટલાક કિસ્સાઓમાં તેઓના પતિઓને શિખવાડવા સહિત, મહિલાઓ ખરેખર વણાટકામ કરે છે (જે પારંપરિક વાસ્તવિકરીતે અસ્તિત્વ જ નહતું ધરાવતું), વણાટપૂર્વેની કામગીરીમાં મહિલાઓની ભૂમિકાને સ્પષ્ટપણે માન્યતા અને કદર, અગાઉ ન હતી તેવી પ્રક્રિયાઓમાં (દા.ત. રંગકામ, તાંતણાંઓ ઉપરની પ્રક્રિયાઓ) મહિલાઓનું સામેલપણું,યુવતિઓનું આ પ્રક્રિયાઓમાં સામેલપણું અને તેઓનું વાચાળપણું,વણાટકામકામ સંબંધિત પ્રસંગોએ ઘર/ગામડાંની બહાર જવામાં મહિલાઓની વધારે સક્ષમતા, મહિલા દિવસ જેવા પ્રસંગોમાં વગેરેમાં સહભાગીતા. રદ્દી પ્લાસ્ટીક્ને વણવામાં નવીનતા અને ઉત્પાદનમાં, ખાસ કરીને આવકનો એક સ્વતંત્ર સ્ત્રોત પૂરો પાડીને, અવધનગર ગામમાં મહિલાઓને સશક્ત બનાવી છે. અલબત, અમુક પ્રકારના લૈંગિક ભેદભાવો ચાલુ રહ્યા છે જેવા કે,પુરૂષો/છોકરાઓની બહારની દુનિયા સાથે સંબંધ રાખવાની સામાન્ય રીતે વધારે સક્ષમતા. જે મહિલાઓ હવે વણાટકામમાં વધારે મોટી ભૂમિકા ભજવે છે તેઓ સાથે જે એક રસપ્રદ મુદ્દો ઉભરી આવ્યો છે, તે છે કામમાં વધારો કારણ કે, તેઓ બન્ને વણાટકામ અને ઘરનું કામકાજ કરે છે. સામાન્યપણે, પુરૂષો જે કરતા હતા તે પૈકીનું વધારે કામ પોતા ઉપર લઇ રહી છે ત્યારે બહુ ઓછા પુરૂષો તેનાથી ઉલ્ટું, મહિલાઓનાં જે ઘરગથ્થુ નિયત કાર્ય હતાં તે કરી રહ્યા છે!

હાથ વણાટમાં બહેનોની બદલાતી ભૂમિકા. હાથ વણાટ પહેલાંની પ્રક્રિયાઓ, પડદા પાછળની અને અણદેખી પ્રક્રિયાઓ સાથે જોડાયેલી બહેનો હવે વણાટ પણ કરે છે અને આત્મવિશ્વાસ સાથે પોતાના ઉત્પાદનો બજારમાં વેચીને આવક પણ ઊભી કરી રહી છે.

જ્ઞાતિ સંબંધોમાં બદલાવ/પલટો માં છે તેવું જ વણાટકામનું પુનરૂથ્થાન મહિલાઓનાં સશક્તિકરણનું કોઇ પણ અર્થ દ્વારા માત્ર કે કદાચ મુખ્ય કારણ હોઇ શકે. ગ્રામ્ય અને વ્યાપક કક્ષાએ નિર્ણય લેતી સંસ્થાઓમાં હોદ્દામાં અનામત, શૈક્ષણિક તકો, નાગરિક સમાજના કાર્યક્રમોમાં કન્યાઓની પહોંચ, સહિતના સત્તાવાર નીતિઓ અને કાર્યક્રમો અન્ય પરિબળો છે.

ઓછમાં ઓછા એક કિસ્સામાં આ અભ્યાસને,રાજકીય કાર્યકર્તા (સરપંચ, કે ગ્રામ સમિતીના વડા) તરીકે મહિલાના આત્મવિશ્વાસનાં એક પ્રેરણાદાયક સ્તરનો સામનો કરવાનું આવ્યું, પરંતુ મહિલાના સમાન પરિસ્થિતિના એક અન્ય કિસ્સામાં બહુ જ ઓછા પ્રમાણમાં સ્વતંત્ર વિચારધારા જોવા મળી. તેથી એ સ્પષ્ટ નથી કે, આવાં રાજકીય સશક્તિકરણ લૈંગિક પરિવર્તનનું એક વલણ દર્શાવે છે કે કેમ. આને વણાટ અને

રાજકીય સશક્તિકરણ વચ્ચેની સામાન્ય નબળાઇ સાથે પણ જોડી શકાય, જે બાબત ઉપર આપણે આગળ ઉપર વિચાર કરશું.

કંકુબેન અમૃતલાલ વણકર, સરપંચ, કુકમાં ગ્રામ પંચાયત, જેઓ સુશાસન અંગે પોતાના વિચારો અને પોતાની હાલ સુધીની સફર વિશે વાત કરી રહ્યા છે.

ઉમર: વણાટ પુનરૂથ્થાનમાં યુવાનો ઓ સ્પષ્ટપણે સક્રિય છે અને તે બાબતે તેઓ આત્મવિશ્વાસ સાથે અને દૃઢતાપૂર્વક બોલી શકે છે. ડીઝાઇનમાં વધારે મોટી ભૂમિકા, કેટલાક વિસ્તારોમાં બજાર સાથે સીધું જોડાણ કરવાની ક્ષમતા અને એક કે બે ગામડાંઓમાં એકબીજા સાથે નેટવર્કીન્ગ એ વધારાની નિશાનીઓ છે. સામાન્ય આર્થિક પુનરૂથ્થાન અને યુવાનો ઓની આનો ઉપયોગ કરવાની ક્ષમતા ઉપરાંતનું એક મહત્વનું પરિબળ છે નવી ડીઝાઇનો જાણવા માટેની નવી તકોની ઉપલબ્ધતા અને ડીજીટલ મંચ મરફતે વેંચાણ કરવું. કેટલાક યુવાનો ઓ માટે બીજું પાસું છે હસ્તકળાકારીગરી શાળામાં(હાથશાળ અને ડીઝાઇન) તાલીમ જે ઘણા યુવાનો ઓને તેઓ માત્ર નવી આવડતો શીખી શકે તે માટે નહીં પરંતુ એક પારંપરિક વ્યવસાય ઉપર વધારે'આધુનિકતા'ની મહોર લગાડવામાં સહાય કરતી હોઇઆકર્ષક લાગે છે. ઉપર નોંધ કર્યા પ્રમાણે કેટલાક યુવાનો ઓનું વણાટકામમાં પાછું ફરવું તે એક મહત્વની (ઘડીક માટે ભલે નાના પાયે હોય તો પણ) ઘટના છે. રસપ્રદ રીતે, આર્થિક અને સામાજીક-સાંસ્કૃતિક બન્ને બાબતે વડીલો પ્રત્યેની માનવૃતિ હજી પણ એકદમ મજબુત લાગે છે.

અભ્યાસે જે એક મુદ્દાનો મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કર્યો તે હતો; અગાઉની પેઢીઓ કરતાં શું યુવાનો ઓ વણાટને પ્રાથમિક નજરે એક આર્થિક પ્રવૃતિ તરીકે વધારે જૂએ છે ? કદાચ આવું જ છે,તેઓના કામના સમય ઉપર સામાજીક ફરજો નકારાત્મક અસર કરે છે તેવી તેઓની ફરિયાદ એ તેનો એક સંકેત છે. પરંતુ કેટલાક યુવાનો ઓ (અને વણાટ એ જુદાઇની મજૂરી નથી તે અંગેના મુદ્દા બાબતે ઉપર નોંધ્યા મુજબ) દ્વારા વ્યક્ત કરવામાં આવ્યા અનુસાર તે સ્પષ્ટ રીતે સંપૂર્ણપણે એક આર્થિક કે બજારલક્ષી કાર્ય નથી સંસ્કૃતિ, ભાવનાઓ, મનોવિજ્ઞાનના મજબુત તત્વો અને કામ સાથેના લાગણીશીલ સંબંધો છે.આપણે આ બાબતે નીચેના 'મુખ્ય તારણો, બોધપાઠો અને પ્રતિબિંબો' માં ફરી અવશું.

તેમ છતાં,કેટલાક વડીલોએ એક ચિંતા તરફ ઇશારો કર્યો કે,ઘણા યુવાનો ઓ વણાટકામ પ્રત્યે સ્વત: રસ નથી ધરાવતા; તેઓને ઝડપી પરિણામો જોઇએ છે, તેથી તેઓ અન્ય કામો તરફ જાય છે જ્યાં તેઓ કારીગરમાંથી (કારીગરો/હસ્તકળાકારો) મજૂરોમાં રૂપાંતરિત થાય છે. સમુદાયએ આ મુદ્દે વધારે ધ્યાન

આપવાની જરૂર છે,વણાટમાં ચાલુ રહેવા માટે યુવાનો ઓને સક્રિયપણે પ્રોત્સાહિત કરીને, તેઓને તેવું કરવા માટે તેને વધારે આકર્ષક બનાવીને,જે યુવાનો ઓ વણાટકામમાં પાછા ફર્યા છે તેનાં ઉદાહરણો આપીને. કારીગર હસ્તકળા શાળાને આ માટેનાં એક હથિયાર/સાધન તરીકે જોવામાં આવે છે. ઉપરાંતમાં, સમુદાયએ પરસ્પર સહાયની અગાઉની પરંપરાને પૂનર્જીવિત કરવાની જરૂરતને ધ્યાને લેવાની જરૂર છે કે જ્યાં એક યુવક કે જેના પરિવારને આ નથી પરવડતું, તે અન્ય વણકરોનાં સમર્થનથી હજી પણ આવી તકોને ઝડપી શકે. .

નારણભાઈ વણકર અને તેમના પુત્રો પ્રકાશ અને પ્રશાંત, જે ભુજોડી ગામમાં હાથવણાટની પરંપરાને આગળ વધારી રહ્યા છે.

3.3.3 પારિસ્થિતિક ક્ષેત્ર

હાથશાળ વણાટને પાવરલૂમ અને મીલ આધારિત વણાટકામની સાથે સરખામણી કરતાં,તેની પોતાની રીતે એક 'પર્યાવરણીય' મજબુત ઉત્પાદન પ્રક્રિયા માનવામાં આવે છે. પરંતુ હાથશાળ ક્ષેત્રની અંદર પણ કેટલાય બદલાવો છે જે પર્યાવરણને જુદી જુદી રીતે પ્રભાવિત કરે છે. દાખલા તરીકે,૨૦મી સદીના છેલ્લા બે દાયકાઓમાં સ્થાનિક ઊનમાંથી (પરંપરાઓથી પરિવારથી પરિવારના પશુપાલક રબારી સમુદાય અને વણકરો વચ્ચેના સંબંધો તરીકે ઉપયોગમાં લેવાતા) બહાર ઉત્પાદિત થતાં એક્રીલીક કે 'સુપર' (મેરીનો, શરૂઆતમાં ઓસ્ટ્રલીયામાંથી, હવે ભારતમાં પણ ઉત્પાદિત) ઊન તરફના બદલાવ/પલટાનો, પર્યાવરણીય

જોડાણો અને અસરોનો જુદો જ અર્થ રહ્યો હોત. હાલે, વણકરો દ્વારા જાતજાતનાં તાંતણાઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેમાં કાલા કપાસ અગાઉના પ્રમાણમાં વધારે પ્રસ્તુત બન્યું છે,રાસાયણીક રંગોના ઘણા જ ઉપયોગ સાથે કાપડ કે તાંતણાંઓ ક્યાં અને કેમ રંગાય છે તેમાં વૈવિધ્યતા આવી છે પરંતુ કુદરતી રંગોનું મજબુત પુનરૂથ્થાન પણ, અને સ્થાનિકે થોડું વેંચાણ ચાલુ રહેવાની સાથેમુખ્યત્વે કચ્છ બહારનાં વેંચાણ સાથે ઉત્પાદન ક્યાં અને કેમ વેંચાય છે તેમાં પણ વૈવિધ્યતા આવી છે. સ્પષ્ટપણે પર્યાવરણની ભાષામાં, નીચે જણાવેલ મુખ્ય વર્ણનોને કચ્છમાં હાથશાળ વણાટકામ ક્ષેત્ર સાથે સાંકળી શકાય, પ્રત્યેક પારિસ્થિતિક વિભાગીકરણ સાથે:

- સ્થાનિકે ઉપલબ્ધ કાચા માલના (તાંતણાંઓ, કુદરતી રંગો, કદા બદલાવાતી સામગ્રી)ઉપયોગને બદલે બહારથી મેળવાતા કાચા માલમાં બદલાવ/પલટો .
- કાલા અને Bt(કે અન્ય વર્ણશંકર) કપાસ સાથે વણાટકામમાં નોંધપાત્ર વધારો,
- તેની મૂલ્યશૃંખલાનાં પ્રમાણમાં બદલાવ/પલટો. (સ્થાનિકથી વૈશ્વિક).

પરંપરાગત રીતે વણકરો હાથવણાટમાં દેશી ઉન અને સૂતરનો તાણો તૈયાર કરવા માટે જંગલી ડુંગળી 'વરત'નો ઉપયોગ કરવામાં આવતો, આ પ્રક્રિયા હાલ બહુ ચલણમાં નથી.

ઇંગુરિયા, જે રણનું ફળ છે, આ સ્થાનિક રીતે મોટા પ્રમાણમાં મળે છે અને તેનો ઉપયોગ રંગ કરવાની પ્રક્રિયા પહેલા સૂતરની સફાઇ કરવા માટે થાય છે.

આ અભ્યાસનો પ્રારંભિક આશય સમગ્રપણે હાથશાળ ક્ષેત્રના પારિસ્થિતિક પદચિન્હનો મૂલ્યાંકન કાઢવાનો હતો,તેમાં સામેલ વ્યાપક પરિબળો અને અભ્યાસ માટે મર્યાદિત સમય અને ઉપલબ્ધ સંપદાઓને કારણે તે અશક્ય લાગ્યું. આ ક્ષેત્રનાં કેટલાંક આયામો બાબતે એકંદર નિરીક્ષણો મેળવવામાં આવ્યાં, પરંતુ કાલા કપાસ મૂલ્ય શૃંખલાનાં આર્થિક પદચિન્હોની અન્ય (મોટે ભાગે આનુવંશિક રીતે સુધારેલ Bt)કપાસ સાથે સરખામણી કરવા માટે વધારે વિગતવાર અને ગુણાત્મક મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

કપાસની મૂલ્ય શૃંખલા પાંચ મહત્વના તબક્કાઓ ધરાવે છે-

- કપાસની ખેતી (કપાસની જુદી જુદી જાતો અને તેઓની ઇન્પુટ-ઉત્પાદન પ્રણાલીઓ)
- લોઢવાની યાંત્રિક પ્રક્રિયા મારફત રૂંવાટીદાર કપાસનું ઉત્પાદન
- વણાટની યાંત્રિકપ્રક્રિયા મરફત કપાસનાં તાંતણાંઓનું ઉત્પાદન

- તાંતણાંઓ મેળવવાં, તાંતણાંઓને રંગ ચડાવવા અને વણાટકામની પ્રક્રિયા સહિતનું વણકરો દ્વારા કાપડ/ટેક્ષટાઇલ ઉત્પાદન
- તૈયાર માલનું વેંચાણ

આ પ્રત્યેક તબક્કાઓને વિવિધ પ્રકારોનાં પારિસ્થિતિક પદચિન્હો છે.જ્યાં,રસાયણો, પાણી, ઉર્જા (લોઢવા અને કાંતણ મીલોમાં વીજ ઉર્જા), અને બળતણ (મુખ્યત્વે પરિવહન માટે)નો ઉપયોગ એ કારણદર્શક પરિબળો છે, ત્યાં સમગ્ર મૂલ્ય શૃંખલા દરમિયાન જુદી જુદી જૈવિક સંપદાઓના ઉપયોગ તરફનો બદલાવ/પલટો પણ પારિસ્થિતિક પદચિન્હમાં યોગદાન આપે છે.

શૃંખલાના મહત્વના બાતમીદારો) ઉભરતા આંકડાઓને કચ્છભરનાં કાપડ વણાટક્ષેત્રનું 'પ્રતિનિધિત્વ' કરવા માટે લાગુ ન પાડી શકાય. તેમજ, આ તબક્કે જૈવ વૈવિધ્ય ઘટકની ગણત્રી કરવાનું કે તેનો સમાવેશ કરવાનું શક્ય ન હતું; તેથી, આ કિસ્સામાં, પારિસ્થિતિક પદચિન્હ એ બે મહત્વના ઘટકો, કાર્બન અને પાણીની એક ગણત્રી છે.

નીચેના કોઠા ૧ માં પરિણામો રજૂ કરવામાં આવ્યાં છે.

કોઠો ૧: કાલા અને Btકપાસનાં પારિસ્થિતિક (કાર્બન અને પાણી) પદચિન્હ

વણકર/એકમ[10]	વણકરને કપાસ મૂલ્ય શૃંખલા પ્રતીકનું પ્રતિ કિલો CO2eq		વણકરને સમગ્ર કપાસ મૂલ્ય શૃંખલા પ્રતીકનો પ્રતિ કિલો બ્લ્યુ વોટર*ઉપયોગ (લીટર)	
	કાલા	BT	કાલા	BT
કિસ્સો ૧	૪.૯	૯.૫	૧૯૪	૧૮૩૮
કિસ્સો ૨	૫.૪	૧૦.૨	૧૬૮	૧૮૮૪
કિસ્સો ૩	૫.૧	૯.૯	૧૭૨	૧૮૩૭
કિસ્સો ૪	૪.૬	૧૦.૩	૧૬૩	૧૮૮૪
કિસ્સો ૫	૬.૧	-	-	-
સરેરાશ	૫.૨૨	૯.૯૮	૧૭૪.૨૫	૧૮૬૦.૭૫

*બ્લ્યુ વોટર એ સિંચાઇના હેતુ માટે નદીઓ, કુવાઓ અને જમીનમાંથી ખેંચવામાં આવતું પાણી છે, તેથી ઉર્જાનો ઉપયોગ કરે છે.

આ અભ્યાસ એવું દર્શાવે છે કે, કાલાકપાસનાં પદચિન્હ Btનાં કરતાં લગભગ અર્ધા જેટલાં છે,ક્ષેત્રની બહારથી કાચા માલનો અને અંતિમ કાપડનો વિસ્તૃત વેપાર હોવા છતાં,સ્થાનિકે ઉત્પાદિત થતી જૈવિક કપાસની જાતનો ઓછો પર્યાવરણીય પ્રભાવ દર્શાવે છે.

આ અભ્યાસમાં એવું જાણવા મળ્યું કે, જો કોઇ,કાલા કપાસ અને Btમાટેની મૂલ્ય શૃંખલાના દરેક સ્તરનાં પદચિન્હ તરફ નજર કરે તો, તાંતાણાંઓને રંગ કરવાનું, ખાસ કરીને જ્યાં રાસાયણિક રંગોનો ઉપયોગ થાય છે,બન્ને પાણી અને કાર્બન પદચિન્હમાં મોટા પ્રમાણમાં યોગદાન આપે છે. આ ઉપરાંત,રાષ્ટ્રીય અને વૈશ્વિક બજારોમાંનાં વેંચાણ, પરિવહનમાંથી નોંધપાત્ર રીતે કાર્બન પદચિન્હમાં ઉમેરો કરે છે.

વણાટમાં કાલા કપાસનો ઉપયોગ,Btકપાસનાં પ્રમાણમાં પારિસ્થિતિક રીતે સ્પષ્ટપણે ઓછો નુકશાનકારક છે ત્યારે, સ્થાનિક ઉત્પાદન શૃંખલામાંથી (દા. ત. સ્થાનિક ઊનથી ઊન આધારિત કપડાંઓનું સ્થાનિક વેંચાણ) વધારે વૈશ્વિકતા (તાંતણાંઓ બન્ને ક્ષેત્રની બહારથી અને અંદરથી આવતાં હોય અને સારાં એવાં

10. અભ્યાસ કરવામાં આવેલ પાંચ 'એકમો' છે: બન્ને કાલા અને Bt કપાસમાંથી જુદા જુદા કાપડ અને જુદાં જુદાં ઉત્પાદન તૈયાર કરતા ચાર વણકરો, અને ખમીર જે માત્ર કુદરતી રંગોનો ઉપયોગ કરીને કપાસનાં તાંતણાઓ તૈયાર કરે છે.

પ્રમાણમાં કપડાંઓ બહાર વેંચાતાં હોય) તરફના બદલાવ/પલટાએ પારિસ્થિતિક પદચિન્હમાં વધારો કર્યો છે. આ કચ્છની હાથશાળો પુરતું મર્યાદિત નથી, પરંતુ ભારતના ઘણા ભાગોમાં કે જ્યાં રાષ્ટ્રીય અને વૈશ્વિક બજારોના પાયા ઉપર હસ્તકળા પૂનર્જીવિત થઇ છે ત્યાંનું વલણ હોવાનું દેખાય છે.

તદુપરાંત, નીચે એવા કેટલાક તપાસનાં ક્ષેત્રો છે જે અભ્યાસની બહાર રહી ગયા છે, પરંતુ એકંદર પરિણામમાં સુધારા માટે મહત્વનાં માનવામાં આવે છે:

૧. રૂવાંટી વાળાં કપાસનું કાંતણના હેતુસર અન્ય રાજ્યોમાં પરિવહન અને તેઓનુ ગણત્રી સાથેના તાંતણાંઓમાં ગુજરાતમાં ઉલ્ટું પરિવહન.

૨. કૃષિ રસાયણો અને ખાતરોનું ઉત્પાદન અને પરિવહન

૩. કુદરતીઅનેરાસાયણિકરંગોનુંઉત્પાદન

કાર્બન અને પાણીની અસર (Ecological Footprint Assessment (EFA))ના નિર્ણાયક ભાગ છે, તો અન્યો જેવા કે,જૈવ વૈવિધ્યતા અને પ્રદુષણ ઉપરની અસર પણ નિર્ણાયક છે અને આ અભ્યાસમાં તેને સામેલ કરવાના કોઇ પ્રયત્નો નથી થયા.

હાથશાળ વણાટનાં પુનર્જીવનના અન્ય પારિસ્થિતિક પાસાંઓ છે (સ્વત: EFA સાથે જોડાયેલા હોય તેવું જરૂરી નહીં) જે મહત્વનાં છે, પરંતુ આ અભ્યાસ ત્યાં સુધી ન જઇ શક્યો. દાખલા તરીકે, ખાસ કરીને જેઓ વાણિજ્યની રીતે બહુ જ સારું કરી રહ્યા છે તેવા વણકરોનાં આર્થિક સ્તરમાં વધારો, શહેરી મધ્યમ કે ઉચ્ચ મધ્યમ વર્ગો સમાનની ઉપભોક્તા સ્વરૂપની પધ્ધતિઓ તરફ દોરી જતી દેખાય છે. આ બાબતે વણકરોમાં કોઇ ટીકાત્મક ચર્ચાઓ નથી જોવા મળતી; અલબત, કોઇ નિર્ણયો ઉપર પહોંચવા માટે આ પાસાંનો અભ્યાસ ન થઇ શક્યો.

વ્યાપક પારિસ્થિતિક પદચિન્હ તરફના એકંદર બદલાવની અંદર,પારિસ્થિતિક-સંવેદી અને કલા કપાસનાંઉત્પાદન પહેલનાં સ્થાનિકીકરણના કોઇક સ્તરે પ્રયત્ન, કુદરતી રંગોનું ક્રમશ;પુન:જીવન અને પાવરલૂમ અને કાપડ ઉદ્યોગના કચ્છમાં નોધનીય પ્રવેશની ગેરહાજરી એ પારિસ્થિતિક પરિપ્રેક્ષ્યમાં સકારાત્મક પાસાંઓ છે.

કચ્છના એક હાથવણાટના કેન્દ્ર એવા આધોઈમાં આવેલ પાવરલૂમ.

૩.૩.૪ રાજકીય ક્ષેત્ર

આજીવિકા તરીકે વણાટકામ અને તેમાં થઇ રહેલા પરિવર્તન અને વણકરોનાં જીવનનાં રાજકીય પાસાંઓ વચ્ચે બહુ ઓછું જોડાણ જોવા મળે છે કે બિલકુલ જોવા નથી મળતું. એક આઘાતજનક ઘટના છે ભારતના અન્ય ભાગોમાં જ્યાં વણકરો તેઓના વ્યવસાય સંબંધિત નીતિવિષયક મુદ્દાઓની હિમાયત હાથ ઉપર લેવા માટે સહકારી મંડળી તરીકે કે સંગઠનો તરીકે એકઠા થયા છે ત્યારે તેની સરખામણીએ કચ્છમાં વણાટકામ સંબંધી સામુહિક ગતિશીલતાની ગેરહાજરી કે બહુ નબળી અભિવ્યક્તિ છે. છેલ્લી આવી મુખ્ય ગતિશીલતા ભારતના સ્વાતંત્ર્યની આસપાસના સમયે જોવા મળી હતી, જ્યારે તાંતણાંઓની અછતને વણાટકામને અસર કરતા એક મુદ્દા તરીકે ઉઠાવવામાં આવેલ હતી. ૨૦મી સદીના પાછલા ભાગમાં વણકરોની એક સહકારી અસ્તિત્વ તો ધરાવતી હતી, પરંતુ આંતરિક ગતિશીલતા અને ગેરવ્યવસ્થાને કારણે બિનકાર્યશીલ બની ગઇ હોવાનું કહેવાય છે અને ત્યાર પછી તે ફરી ક્યારેય જીવંત કરવામાં ન આવી. તેઓનાં જીવન ઉપર નોંધપાત્ર અસર પાડતા હતા તેવા મુદ્દાઓ જેવા કે, વર્તમાન કેન્દ્ર સરકારની માલ અને સેવા કર નીતિ હેઠળ GST જેવા આકરા કર લાગુ પાડવા કે ઉચ્ચ મૂલ્ય ધરાવતી ચલણી નોટોનુંની નોટબંધી જે ૨૦૧૬ના પાછલા ભાગમાં થયું ત્યારે પણ કોઇ સામુહિક ગતિશીલતા જોવા ન મળી. પરચૂરણ કામ કરતા લોકોમાં બહેતર કામકાજની સવલતો (જ્યાં હજી પણ લોકો સ્વાભાવિક શોષણથી પીડાય છે) માટેની માંગ, કે બજાર સુધીની સીધી પહોંચ અને તેથી પોતે જ ઉદ્યમીઓ બની શકે તે માટે એકત્રિત થવું/સંપદાને સહિયારી કરીને એકઠા થવાના કોઇ પણ સંકેત નથી.જટિલ સામાજીક બંધન, વફાદારી, અને સામાજીક અને અંગત સંકટના સમયે ઉદ્યમી સાહસિક વણકરોએ મદદ કરી હોવાને કારણે ઋણી/આભારી હોવાની લાગણીની હકીકતને કારણે પણ અમુક અંશે આવું છે. ભારતની જાતિપ્રથાનો (આશ્રય/ઉત્તેજનનો જજમાની સંબંધ) આ એક પારંપરિક ભાગ પણ રહ્યો છે, જેમાં પરસ્પર ફાયદાનાં તત્વો છે પરંતુ એક વર્ગ પૃથ્થકરણમાંથી તેને શોષણનું ગૂઢ સ્વરૂપ કહી શકાય.

વણકરોમાં જેને 'બિન-પક્ષીય રાજકીય પ્રક્રિયા' કહી શકાય, તેની ગેરહાજરીને તેઓની વ્યક્તિગત કામધંધા પરંપરાનાં પરિણામ તરીકે હોવાનો ખુલાસો કરી શકાય (ગુજરાતના ઘણા સમુદાયોમાં મજબુત છે, જેઓ દુનિયાંના ઘણા ભાગોમાં તેઓની ઉદ્યમી આવડત/કુશળતા માટે બહુજાણીતા છે!),એક સામાન્ય સમજણ કે વેપારી તરીકે તેઓ એક યા બીજી રીતે મુશ્કેલીમાંથી પસાર થઇ જશે અને બિનસંઘર્ષાત્મક સંસ્કૃતિ, ઘણા વર્ષો સુધીના સામાજીક દમન અને આજીવિકા સંઘર્ષ સાથે જે સંગઠિત થવાની ક્ષમતાને ઘટાડી નાખતાં હોય તેવાં વધારે પડતાં માળખાંકીય સામાજીક-સાંસ્કૃતિક કારણો હોઇ શકે. (જો કે અભ્યાસ દરમિયાન આ બાબતે કોઇસ્પષ્ટોચ્ચારણ ન હતું).

સ્થાનિકથી કરીને રાષ્ટ્રીય કક્ષા સુધી, વ્યવસાય તરીકે વણાટકામ અને ચૂંટણીલક્ષી અને પક્ષીય રાજકીય પ્રક્રિયાઓ વચ્ચે બહુ ઓછું કે બિલ્કુલ નહીં એવું જોડાણ છે. કેટલાય વણકરો સ્થાનિક પંચાયતો, જીલ્લા કક્ષાની સંસ્થાઓ વગેરેમાં સ્થાન ધરાવતા હતા કે હાલે સ્થાન ધરાવે છે, પરંતુ આવું થવાનું કારણ તેઓના વણકર હોવાનું કે તેઓનો વધેલ આર્થિક મોભો નથી તેવું લાગે છે અને તેથી ઉલ્ટું તેઓના મોભા/હોદ્દાનો ઉપયોગ તેઓના વણકર તરીકે ગામમાં કે મોટા સમાજમાં વણકરની સંભાવનાઓમાં વૃધ્ધિ માટે નથી થવાનો. કેટલાક પંચાયત સભ્યો અને સરપંચોએ એવું વ્યક્ત કર્યું કે, તેઓના હોદ્દામાં તેઓ તમામ સમુદાયોના લાભ માટે કામ કરશે,ખાસ વણકરો માટે જ નહીં.

રાજ્યની નીતિઓ અને વણકરો વચ્ચેનાં જોડાણ પણ નબળાં છે. ૨૦મી સદીના પાછલા ભાગમાં,જ્યાં સરકારી નીતિઓ(જેવી કે, હાથશાળ ક્ષેત્ર માટે અનામત) અને કાર્યક્રમોએ (જેવા કે, સબ્સીડીઓ કે રાજ્ય દ્વારા હાથશાળ ઉત્પાદનોની પ્રાપ્તિ) નોંધપાત્ર ભૂમિકા ભજવી,ત્યાં વધારે તાજેતરમાં તે ઘટી ગયું હોય તેવું લાગે છે,અલબત, ગુર્જરી જેવાં કેટલાંક રાજ્ય સંગઠનોએ પ્રાપ્તિને ચાલુ રાખેલ છે. વાસ્તવમાં ઉપર જણાવેલ GST અને નોટબંધીનાં ઉદાહરણો ઉપરાંત સરકારના કેટલાક પ્રકારનાં કાપડ ઉત્પાદનોને હાથશાળ અને લઘુ ક્ષેત્ર માટે અનામત રાખવાના ઉદાસ પ્રયત્નો એવું સૂચવે છે કે,બૃહત-નીતિ વાતાવરણ હાથશાળ વણાટકામ (સામાન્ય રીતે હસ્તકળા માટે) માટે ઓછું પરિણામ ઉપજાવનારું બની ગયું છે. નાગરિક સમાજ સંગઠનો મૂલ્ય શ્રૃંખલાની સુગમતામાં મહત્વની ભૂમિકા ભજવવાની સાથે, વણકરો બજાર સુધી પહોંચે છે, અને રાજ્યની ભૂમિકા પૃષ્ઠભૂમિમાં પીછેહઠ કરી ગઇ છે.

વણકરો દ્વારા ઉલ્લેખ કરવામાં આવેલ તાજેતરનો એક બદલાવ, વચન આપ્યાનાં કેટલાંય વર્ષો બાદ, વણકરોને ઓળખ પત્રો આપવામાં આવ્યાં છે,જે તેઓને સામાન્ય સરકારી યોજનાઓ તેમજ જે કારીગરો માટેની છે ત્યાં સુધી વધારે કાર્યક્ષમતાપૂર્વક પહોંચ મેળવવામાં મદદ કરશે તેવું માનવામાં આવે છે. તાજેતરમાં, ડેવલોપમેન્ટ કમીશ્નર(હાથશાળ) દ્વારા સમુદાયને આધાર-સક્ષમ ઓળખ પત્રો આપવામાં આવ્યાં છે, જેનો ઉપયોગ તેઓ સરકારી યોજનાઓ અને સરકાર દ્વારા વચન આપવામાં આવેલ સીધા લાભ હસ્તાંતરણ માટે કરી શકશે.

આ અભ્યાસના અને વણકરોનાં કેન્દ્રસ્થ અભ્યાસ જૂથના કેટલાક સભ્યો દ્વારા હિમાચલ પ્રદેશની સંબંધિત મુલાકાતના એક રસપ્રદ ફણગા તરીકે વણકરોની સહકારી મંડળીને ફરી ચાલુ કરવા માટે સમુદાયની અંદરની ચર્ચાને બળ મળ્યું છે. વધારામાં, કેટલાક સમયથી સુષુપ્ત કચ્છ વણકર સંઘને હવે ફરીથી સક્રિય કરવામાં આવેલ છે (નીચે 'જ્ઞાન, સર્જનશીલતા, નવીનતા' હેઠળ જુઓ), જે આજીવિકાના મુદ્દે વણકરોમાં વ્યાપક રાજકીય ગતિશીલતાને સક્ષમ બનાવે.

૩.૩.૫ જ્ઞાન, સર્જનશીલતા અને નવીનતા

હાલમાં બજારમાં મળતી આધુનિક ડીજાઈનની સરખામણીમાં વણકરો દ્વારા બનાવવામાં આવતી જુની પરંપરાગત વસ્તુ

હસ્તકળા આધારિત આજીવિકાને એક વિશિષ્ટ જ્ઞાન અને આવડતનો પાયો હોય છે. પારંપરિક રીતે આ વડીલો પાસેથી બાળકોમાં ઉતરી આવે છે, કાં તો, વડીલો જ્યારે કામ કરતા હોય ત્યારે બાળકોનું સ્વાભાવિકપણે તેઓની આસપાસ રહીને અને તેઓનું અવલોકન કરીને શીખીને અને/અથવા તેઓને ઇરાદાપૂર્વક અને વ્યવસ્થિતપણે શીખવીને. હાથશાળ વણાટના કિસ્સામાં,યુવાનો પેઢીના સભ્યો મોટે ભાગે તેઓનાં વડીલોનું અવલોકન કરીને શીખ્યા હોય છે અને કેટલીક અસામાન્ય તકનીકોના કિસ્સામાં જ ઇરાદાપૂર્વક પૂરક આવડતો શીખાડીને. આજે પણ જ્ઞાન અને આવડત પ્રેષણનું આ સ્વરૂપ પ્રબળ છે, અલબત હવે તેને કારીગર હસ્તકળા શાળા જેવી વધારે ઔપચારિક શિક્ષણ તકો દ્વારા પૂરક બનાવાય છે.

આશ્ચર્યજનક, જો કે અગાઉની સરખામણીએ, નાગરિક સમાજના હસ્તક્ષેપો અને વણકરો માટેની વધતી જતી વેંચાણ તકોએ સર્જનશીલતા અને નવીનતાની વધારે અભિવ્યક્તિને ઉત્તેજિત કરી છે. યુવાનો તેઓના વડીલોની ડીઝાઇન અને તકનીકોને સરળ રીતે અનુસરતા નથી, પરંતુ બજાર ઉભી કરવામાં તેમજ તેને પ્રતિસાદ આપવામાં, બન્નેમાં પ્રયત્નો કરીને તેમાં નવીનતા લાવે છે. મહિલાઓના શાળ ઉપર બેસવાના વધતા જતા બનાવોએ તેઓની સર્જનશીલતા અને નવીનતાને વ્યક્ત કરવાની પણ એક તક ઉભી કરી છે. નોંધનીય, જોકે, વણકરોની યુવા પેઢી અમુક ચોક્કસ ભાતો અને રચનાઓ પ્રત્યે વચનબધ્ધતામાં રહેવાનું અને વણવાનું (વધારાના વાણા સહિત, જે કચ્છી વણાટ્ને લાક્ષણિક બનાવે છે)ચાલુ રાખે છે.

ચિંતાની મુખ્ય બાબત છે સત્તાવાર શાળાઓમાં હસ્તકળા શિક્ષણનો સંપૂર્ણ અભાવ. આનો અર્થ એવો થાય કે,શાળાએ જતાં બાળકો વધતાં જાય છે, (એક એવું વલણ જેને વણકરો પ્રોત્સાહિત કરવા માંગે છે) પણ તેઓ વણાટકામની આવડતો/કુશળતા શીખતા નથી; અને ખરેખર તેઓ ઔપચારિક શિક્ષણની પ્રબળ અભિમુખતા કે હસ્તકળા, ખેતી અને પશુપાલન જેવી આજીવિકા હવે 'જુનવાણી' થઇ ગઇ છે અને તેને આધુનિક આવડતો/કુશળતાની તરફેણમાં પડતી મૂકવાની જરૂર છે તે તરફ અરક્ષિત થઇ શકે છે. તાજેતરમાં, ખમીર અને અન્ય સંગઠનોએ શાળાઓમાં હસ્તકળા શિક્ષણને શરુ કરવાનો પ્રસ્તાવ કર્યો છે, અને આશા રાખે છે કે, જીલ્લા અને રાજ્ય પ્રશાસન તેની તરફેણ કરશે. વરિષ્ઠ વણકરો પણ ઇચ્છે છે કે આવું બને, અને નોંધે છે કે જ્યારે તેઓ શાળાઓમાં હતા ત્યારે ઉદ્યોગનો ઓછમાં ઓછો એક વર્ગ રહેતો જેમાં પારંપરિક વ્યવહારુ આવડત/કુશળતા શીખી શકાય, જેનાં સ્થાને હવે કોમ્પ્યુટર શિક્ષણે લીધું છે અને કળા અને હસ્તકળાને પાઠ્યપુસ્તકોમાં ખસેડી દેવાયાં છે.

અવધનગરની ચંપા એ કચ્છના રણમાંથી પ્રેરણા લઈને બનાવેલ નવા ઉત્પાદનો.

તાંતણાંઓ અને કાર્યક્રમોના પ્રકારમાં આજે આપણે જે ડીઝાઇનની નવીનતાની શ્રેણીમા વિશાળતા જોઇએ છીએ તેનાં કારણો પૈકીનું એક છે કચ્છ વણાટ કુશળતાનું એક જન્મજાત કેન્દ્રસ્થ પાસું. અહીંના વણકરો તેઓનાં વણાટકામને પ્રમાણમાં વધારે બરછટ તાંતણાંઓમાં અતિ બારીક ડીઝાઇન (વધારાનો વાણો) વણવાની સક્ષમતા તરીકે અલગ પાડે છે. સંત કબીર પુરસ્કાર વિજેતા વણકર પ્રેમજીભાઇ સીજુ અનુસાર,આ તે છે જે કચ્છને અન્ય હાથશાળ સમુહોથી અલગ પાડે છે. આ કાચા માલ ઉપરની સમજણ અને કુશળતા સાથેકામ કરવાની લવચીકતાને સૂચિત કરે છે. આ મુદ્દાનો એક કિસ્સો છે કે જ્યાં આધોઇના વણકરોએ કાલા કપાસમાં ટાન્ગલિયા તકનીક (જેમાં વણાટ કપડા ઉપર ઉપસાવેલ ટપકાં અને અન્ય ભાતો તૈયાર

કરે છે)અપનાવી છે,એક આવડત જે તેઓએ તાજેતરમાં પ્રમાણમાં ઘણી સરળતાથી ગુજરાતના વણકરો પાસેથી શીખી છે જેઓ પરંપરાથી ટાન્ગલિયા તકનીકના નિષ્ણાત છે. ઘણા વણકરો જેઓ એક્રીલીકમાં સરળ ડીઝાઇનોનું વણાટકામ કરતા હતા તેઓ અતિ બારીક કાપડ અને રેશમ વણાટકામમાં સરળતાથી સંક્રમિત (પરિવર્તિત) થઇ ગયા છે. આ નવીનતા જન્મજાત/સહજ સમજણ, સક્ષમતા અને માલ અને તકનીક ઉપરનાં પ્રભુત્વમાંથી ફૂટી હોવાનું લાગે છે. તંતુ(ફાઇબર) અને તકનીકો વચ્ચે પરિવર્તન/બદલાવ અને રંગકામમાં પારંગતતા, જે અત્યાર સુધી ખત્રી સમુદાયનાં ક્ષેત્રમાં આવતી હતી, આવી જન્મજાત કુશળતાઓ અને ઉદ્યમીપણાનો મિજાજ દર્શાવે છે.

તાણનો એક સંભાવ્ય સ્ત્રોત,વણકરોમાં જ્ઞાન અને કુશળતાનાં ખાનગીકરણના કેટલાક પ્રારંભિક સંકેતો સાથે સંબંધ ધરાવે છે. વડીલ વણકરો અનુસાર પરંપરાગત રીતે વણાટકામ જ્ઞાન, ડીઝાઇન અને ભાતો સાર્વજનિક રહ્યા છે. જોકે કેટલાક યુવાન લોકોને, જેઓ વ્યક્તિગત રીતે નવીનતા ઉપર કામ કરી રહ્યા છે, એવું લાગે છે કે,તેઓને ઓળખ/સ્વીકાર મળવી જોઇએ અને તેઓની નવીનતાઓની નકલ કરવી તે અન્યો માટે વાજબી નથી. યુવાનોને એવું લાગે છે કે,વ્યાવસાયીકરણ સાથે ડીઝાઇનનાં વ્યક્તિગતકરણ માટે સામાન્ય મજિયારાપણાને બદલે થોડોક અગ્રાધિકાર છે. યુવાનોમાં તેઓનું પોતાનું વેપારચિન્હ(બ્રાન્ડ) અને ઉત્પાદનો તૈયાર કરવાનું એક વધતું જતું વલણ પણ છે. અલબત,કોઇ પણ રીતે કોઇ ગળાકાપ હરિફાઇ કે નકલ કરવામાં આવતી હોવા બાબતે ગંભીર રોષ હોવાનું દેખાતું નથી. આ સમુદાય મોટેભાગે હજી પણ વણાટકામ જ્ઞાનને સાર્વજનિક હોવાનું માને છે તેવું દેખાય છે. તાજેતરની એક અસંગતતા તે છે કે,એક ગામડાં દ્વારા કચ્છી સાડીનો કબજો/વિનિયોગ (તેને ભુજોડી સાડી તરીકે વેપારચિન્હિત/બ્રાન્ડીન્ગ કરી), જે ન હતું થવું જોઇતું તેવું કેટલાક વડીલોને લાગે છે;જેમ ભુજોડીના નારાણભાઇ મદન સીજુએ કહ્યું : મેં મારાં ઉત્પાદનને કચ્છી ગાલીચો/કાર્પેટ નામ આપ્યું જે કચ્છના કોઇપણ સ્થળના અન્ય વણકરોને આ બ્રાન્ડનેઇમનો ઉપયોગ કરવા માટે સક્ષમ બનાવે.ભવિષ્યમાં તાણને ટાળવા માટે,જ્ઞાનનાં ખાનગીકરણના મુદ્દાને, સમુદાયએ જે બાબતે ચર્ચા કરવાની જરૂર છે તે માટે માન્ય કરવામાં આવેલ છે.

૨૦૧૨માં, વણકરોએ, ખમીર અને અમદાવાદ ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રીસર્ચ એસોસીએશનની (ATIRA) મદદ સાથે કચ્છી શાલ માટે જીઓગ્રાફિકલ ઇન્ડીકેશન/ભૌગોલિક સંકેત નોંધણી (GI)મેળવવા માટેની વ્યવસ્થા કરી. આનો આશય ભારતના અન્ય ભાગોમાંથી ઔદ્યોગીક ઉત્પાદન સવલતોમાંથી સસ્તી શાલનાં ઉત્પાદન અને વેંચાણને બંધ કરવાનો હતો. આ હેતુ માટે કચ્છ વણકરોનાં સંગઠન-ધ કચ્છ વીવર્સ એસોસીએશનની (KWA)[11] નુંખાસ ગઠન કરવામાં આવેલ. અલબત,GI માન્યતાની હજી સુધી કોઇ સુસ્પષ્ટ અસર કે ખાસ લાભ નથી થયો કે ન તો KWA અને સામાન્ય વણકરોને તેના યોગ્ય ઉપયોગ માટે આગળ કરવામાં આવ્યા. ૨૦૧૮ના પાછલા ભાગમાં,KWA એ આ મુદ્દો ફરીથી ઉપાડ્યો છે, સ્થાનિક સંસદ સભ્ય અને જીલ્લા કલેક્ટર સાથે બેઠક, જે કેટલાંક પ્રસ્તાવિત પગલાંઓ જેવાંકે,GI વિષે પ્રચાર અને ઉપભોક્તાઓમાં બહારથી નકલીના બદલે અધિકૃત કચ્છી ઉત્પાદન ખરીદવા માટેની જાગૃતિ/સભાનતામાં પરિણમ્યો.

કચ્છની શાલને મળેલ ભૌગોલિક સ્થાનાંકનનો લોગો

11. https://atira.in

૪. મહત્વનાં તારણો, બોધપાઠો અને પ્રતિબિંબો

ભુજોડીના વણકર મિત્રો સાથે અભ્યાસના વિવિધ મુદ્દા પર ચર્ચા અને વિશ્લેષણ

૪.૧ સામાન્ય તારણો

એ નોંધવું અગત્યનું છે કે,આ અભ્યાસના સમયગાળા દરમિયાન જોવા મળેલ ઘણા બદલાવો અને રૂપાંતરો બહુ તાજેતરના છે અને તેના પથ અને ટકાઉપણાં બાબતે કોઇ તારણો કાઢી ન શકાય. કચ્છમાં વણકર સમુદાય અને વણાટકામ બન્ને માટે તે કઇ દિશાઓ પકડે છે તેમજ ભારતમાં અન્ય જગાઓમાં વણાટકામ અને હસ્તકળા સંબંધિત બોધપાઠો માટે તે જોવું રસપ્રદ બનશે. એકંદર આ તાકીદની અંદર, અલબત કેટલાંક વ્યાપક તારણોને નીચે મુજબ કહી શકાય;

અભ્યાસ કરેલાં ૧૫ ગામડાંઓમાના વણકરોમાં,કલ્યાણની એક સામાન્ય સમજશક્તિ વધી હોય તેવું દેખાય છે, ખાસ કરીને ૨૦૦૧ના ભૂકંપ બાદના તુરંતના સંબંધિત સમયગાળામાં. અને આ વણાટકામનાં આજીવિકા તરીકેનાં પુનર્જીવન સાથે ગાઢ રીતે જોડાયેલ છે. કેટલાક વણકરોએ (ખાસ કરીને પણ માત્ર ઉદ્યમીઓ નહીં, અને યુવાનો સહિત) "સ્વતંત્રતા' અને સ્વાયતતા મળતાં હોઇ,તેઓની વણાટકામ પ્રત્યેની પસંદગી બાબતે ઉલ્લેખ કર્યો, અને કેટલાક યુવાનોનાં વણાટકામમાં પરત થવું એ હસ્તકળા સારી રીતે આગળ વધે છે અને જેઓને અન્ય કામ મળી શકે છે તેઓને પણ આકર્ષે છે તે તેની સ્પષ્ટ નિશાની છે. ઘણા વણકરોની તેઓનાં ગામડાંઓમાં ટકી રહેવાની (કે પરત ફરવાની) સક્ષમતા અને પસંદગી પણ,શોષિત જાતિઓ અને વર્ગો અને ખાસ કરીને દલિતોને શહેર તરફ જવા માટે ફરજ પાડતાં હોવાનાં પ્રભાવી વર્ણનોની વિરુધ્ધ જાય છે, વણાટકામની અંદર વધેલી આર્થિક તકો, સુધરેલ સામાજીક મોભો અને અન્ય સંયોગાત્મક પરિબળોના સંમિશ્રણ દ્વારા સક્ષમ બનાવાયાં છે, જ્યારે સંદેશાવ્યવહાર અને અન્ય તકનીકોની ઉપલબ્ધતાએ'શહેર જેવી' પહોંચ અને સગવડો માટે સક્ષમ કર્યા છે. જાતિવાદના ઘટાડા (ખાસ કરીને અસ્પૃશ્યતાના અતિ ખરાબ સ્વરૂપે) અંગેનાં સ્પષ્ટ અને સુસંગત વર્ણન સાથે એકત્રિત, બહારની દુનિયા સાથે વ્યાપક સંપર્કો, જીવન અને આજીવિકામાં ગૌરવ અને મોભાના દેખીતા અર્થમાં, અને અન્ય પરિબળો, અભ્યાસ કરવામાં આવેલ ગામડાંઓમાં કલ્યાણમાં વધારો વ્યાપક/ફેલાયેલો દેખાય છે.

ઉપર પૈકીનાં એક પાસાંને વિગતવાર તૈયાર કરવા માટે, હાથશાળ વણાટનું પુનર્જીવન, જ્યારે બજારનાં (સ્થાનિક કે રાષ્ટ્રીય/વૈશ્વિક) અસ્તિત્વ ઉપર નિર્ણાયકપણે નિર્ભર છે,તેને એક બીજા સાથે સંકળાયેલ આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, ભાવનાત્મક, બૌધિક તત્વો અને અર્થો સાથેની ઘટના તરીકે જોવાય છે. તે માત્ર એક 'કામ' નથી. આ અભ્યાસે એ હકીકત કે યુવાનો સહિતના વણકરો માત્ર આવક માટે અંદર ન હતા પરંતુ તે તેઓને સ્વાયતતા, (આના નિર્ણાયક તત્વ તરીકે ઉત્પાદનનાં સાધનો ઉપર નિયંત્રણ) સ્વતંત્રતા, (ક્યારે અને કેટલો સમય કામ કરવું જેવાં પાસાંઓના સંદર્ભે), સતત પરિવાર અને સામાજીક જોડાણો કારણ કે, ઉત્પાદન ઘરમાં જ કરવાનું હતું અને સમગ્ર પરિવાર તેમાં સામેલ હતો, નવીનતા માટે અવકાશ અને સર્જનશીલતાની અભિવ્યક્તિ, ઓળખ (સમુદાય તરીકે,અજોડ કચ્છ ડીઝાઇન દ્વારા ઓળાખાયેલ એક વિશિષ્ટ હસ્તકળા તરીકે, અન્ય ઘણા વ્યવસાયો સુધી (ખેત અને ઔદ્યોગીક મજૂરી) તેઓની પહોંચ હતી તેની સરખામણી આરામ, આધ્યાત્મિક જવાબદારી વ્યક્ત કરવાનો એક મોકો (વણાટ કુશળતા 'ભગવાન'ની 'ભેટ' સાથે) અને અન્ય આવા બિન આર્થિક પાસાંઓ સાથે વારંવારનાં ભારપૂર્વકના દાવા નોંધ્યા. સમુદાયના મોટા ભાગ માટે વણાટ એ મજૂરીનું જુદું સ્વરૂપ નથી લાગતું.

અહીં જે મૂર્ત છે તે છે સહજ આત્મવિશ્વાસ અને સર્જનાત્મક વૃધ્ધિ જે ત્યારે જ શક્ય બને છે જ્યારે લોકો તેઓના વારસા અને અનુકૂલનમાં છે તેવી રીતભાતોમાં ફુલેફાલે છે. ત્યાં બહુ ઓછી જુદાઇ છે, તેઓના પોતાના સમુદાય સાથે બહેતર એકીકરણ/સમન્વય માટેની શક્યતા અને સમસ્યાઓનાં નિરાકરણ માટે વધારાની ક્ષમતા અને બજારની જટિલ તાઓમાંથી યોગ્ય માર્ગ કાઢવો.

ઉપરનાં તત્વોનાં જટિલને કચ્છી વણકરોની અજોડ ઓળખ સમાવેશ કરતી તરીકે જોઇ શકાય; તે ભૂતકાળમાંથી મજબુત અનુસંધાન સાથેની ઓળખ છે પરંતુ સ્થિતિસ્થાપકતા, નવીનતા અને સર્જનશીલતા, સામાજીક અને પારિવારીક બંધનો, ભૂતકાળને વર્તમાન અને ભવિષ્ય સાથે વર્ણસંકરતાની ક્ષમતા અને માત્ર આર્થિક નહીં પરંતુ સાંસ્કૃતિક રીતે મહત્વના હસ્તકળા વારસાનું ગૌરવ.

આ વર્ણનો એવું સૂચવે છે કે, આ વ્યવસાય બજાર સાથે છૂટી ન શકાય તેવી રીતે જોડાયેલ હોવા છતાં, તે માર્ક્સ માર્કસ (૧૮૪૪)[12] દ્વારા કરવામાં આવેલ કલ્પના અનુસાર જણસીકરણ અને જુદાઇમાં પરિવર્તન નથી પામ્યું. અથવા અન્ય શબ્દોમાં, હસ્તકળાકારની મહેનત/મજૂરી તેના/તેણીથી જુદી નથી કરી શકાઇ. આ માટેનાં ઘણાં પરિબળો છે: ઉત્પાદન માટેનાં સાધનો, ખાસ કરીને શાળની માલિકી કે નિયંત્રણ ઉત્પાદક પરિવાર સાથે રહે છે,પરચૂરણ કામ કરનારાઓના કિસ્સામાં પણ, (જોકે ચોક્કસપણે બધા નહીં, નીચે જુઓ); ઉત્પાદન પણ અમુક અંશે તેના/તેણીના નિયંત્રણમાં રહેછે જેમાં તે/તેણી પોતાની સર્જનશીલતા વ્યક્ત

12. As cited in https://en.wikipedia.org/wiki/Marx%27s_theory_of_alienation#cite_note-2)

કરી શકે છે અને બજારમાં તેની કિમત બાબતે ભાવતાલ કરવાની સત્તા રહે છે;શ્રમ/મહેનતની અતિશય વહેંચણી સાથેની ઔદ્યોગીક જથ્થાબંધ ઉત્પાદનપ્રણાલીમાંચક્રનો એક દાંતો બનવાને બદલે પરિવારની અંદર જ માલ તૈયાર થાય ત્યાં સુધીની મોટા ભાગની પ્રક્રિયાઓને વણકર જોઇ અને નિયંત્રિત કરી શકે છે, અને વધારામાં વૈશ્વિક અભિપ્રાય કે વણાટકામને માત્ર વ્યવસાયિક પૃવ્રતિ તરીકે નહીં પરંતુ મહત્વના ભાવનાત્મક, મનોવૈજ્ઞાનિક, લાગણીશીલ પાસાંઓ તરીકે ધરાવે છે. અન્ય ઉદ્યોગો (ઘણાએ વ્યક્ત કર્યું કે ત્યાં તેઓ કઇ રીતે તેઓ ત્યાં પોતાના સમય કે ઉત્પાદનનાં નિયંત્રણમાં ન હતા) સાથે જોડાતી વખતે ઘણા યુવાનોએ ખરેખર અનુભવેલ તે જુદાઇ તેઓના વણાટકામમાંકે જ્યાં માલિકીપણું અને પોતાપણાંની લાગણી હોય છે,ત્યાં પરત ફરવાનુંમુખ્ય કારણ હોય તેવું લાગ્યું. શ્રમની પ્રતિષ્ઠા સાથે પણ આવો જ મુદ્દો કરી શકાય જે દેખીતી રીતે વણાટકામમાં હાજર છે (મજૂર તરીકે ઉદ્યોગ, બાંધકામ વગેરેના અન્ય કામ સાથેની સરખામણીએ) જેના ઉપર ગાંધીએ માનવ પરિપૂર્ણતાનાં[13] નિર્ણાયક પાસાં તરીકે ભાર મૂક્યો,અને ખાસ કરીને જ્યાં વણાટકામનું કામ શારીરિક અને બૌધિક બન્ને શ્રમને આવરી લે છે. ભુજોડીના એક યુવાન વણકર પ્રકાશ નારાણ વણકરને ટાંકતાં,"મારી શાળ એ મારું કોમ્પ્યુટર છે; મારે સતત વિચાર અને નવીનતા કરવાનાં છે, તે માત્ર યાંત્રિક નથી". છેવટે,તે વૈશ્વિક અભિપ્રાય તરફ દોરે છે જે આધુનિક જીવનની ઠંડી 'કાર્યક્ષમતા'ઉપર ઓછો ભાર મૂકે છે અને બહુ આયામી "પર્યાપ્તતા" નમૂના વધારે મૂકે છે જ્યાં કામદારો ઉત્પાદકતાને મહત્તમ કરવાની ઇચ્છા (કે ફરજ પાડવામાં આવે છે) જરૂરપણે નથી રાખતા પરંતું જે માણવા લાયક, સ્વસંચાલિત અને સર્જનશીલ (બક્ષી ૨૦૧૭). છે તેનો ખ્યાલ કરે છે. હસ્તકળા (અને સંકળાયેલ કુશળતા અને જ્ઞાન), બજાર, આધુનિકરણ અને જુદાઇ (કે તેનો અભાવ)ને અન્ય ક્ષેત્રોના અભ્યાસમાં, જેવાંકે, કુશળ માછીમારી, સુંદર (૨૦૧૮) દ્વારા સારી રીતે બહાર લાવવામાં આવેલ છે.

યુવા વણકારો માટે વણાટએ તાંત્રિક પ્રક્રિયા નથી, પણ તે તેમની સર્જનાત્મકતા અને નવું કરવાની પ્રેરણા આપતું મધ્યમ છે. મારી હાથશાળ એ મારું કમ્પ્યુટર છે; તે મને નવું વિચારવા પ્રેરે છે. અને એ માત્ર તાંત્રિક નથી.

13. http://gandhiashramsevagram.org/voice-of-truth/gandhiji-on-dignity-of-labour-bread-labour.php

તેમ છતાં,કોઇ પણ અર્થમાં આ સાર્વત્રિક નથી. કેટલાક કામ કરનારાઓએ તેઓનાં આર્થિક અને સામાજીક જીવન પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો; કેટલાક લોકો જુદાઇ અને મોભારહિત હોવાના સંકેત સાથે સ્પષ્ટપણે તકલીફમાં હતા. વણકરોમાં અંકિત ભૌગોલિક અને વર્ગ અસમાનતાઓ છે. કચ્છભરમાં (પ્રસ્તાવનામાં ઉલ્લેખિત)હાથ ધરવામાં આવેલ વ્યાપક સંદર્ભિત સર્વેમાંનાં પ્રાથમિક અવલોકનો સૂચવે છે કે, અભ્યાસ કરવામાં આવેલ ૧૫ ગામડાંઓની બહારના વણકરોનો મોટો ભાગ હજી પણ કેટલાક પડકારોનો સામનો કરી રહ્યા છે. આમાં, આજીવિકા અસલામતિનો સમાવેશ થાય છે, જ્યાં રૂપાંતરના (નીચે ઉલ્લેખ કર્યો છે) સમર્થકો સક્રિય નથી રહ્યા.

ખાસ કરીને કાચા માલ અને વણાટ કરેલ ઉત્પાદનોનાં ભારતના અન્ય ભાગોમાં અને યુરોપમાંના ઉપભોક્તાઓને નોંધનીય પરિવહનને કારણે વણાટના પુનર્જીવનની સાથોસાથ વ્યાપક પરિસ્થિતિક પદચિન્હ આવ્યાં છે.દેશભરમાં હાથશાળ સમૂહોમાં આ એક સામાન્ય વિચાર છે. આ હસ્તકળાને પારિસ્થિતિકતાથી વધારે સંવેદનશીલ બનાવવાના પ્રયત્નો માટેના હસ્તક્ષેપો, દા.ત. જૈવિક કપાસ અને કુદરતી રંગોને ઉત્તેજન આપીને,પ્રતિ વલણ પૂરું પાડવું. કાલા કપાસના ચોક્કસ કિસ્સામાં ઉત્પદનના બહુ જ ઓછા પારિસ્થિતિક પ્રભાવ સાથે પરંતુ ઉપભોગ/વપરાશ બાજુએ ઘણા ઉંચા/વધારે પ્રભાવ સાથે આ વિરોધાભાસી વલણ પૂરું પાડવું રસપ્રદ છે.

વણકર સમુદાયમાં, વણાટકામ અને સંકળાયેલ તત્વોની બાબતે, થઇ રહેલ બદલાવોની એક ઐતિહાસિક સમયરેખા એવું સૂચવે છે કે, આર્થિક ક્ષેત્રમાં રૂપાંતરનો જીવનના અન્ય ક્ષેત્ર ઉપર નોંધનીય સંબંધ છે. આનો અર્થ એવો તો નથી જ થતો કે,રૂપાંતરના બધા જ કિસ્સાઓમાં, આર્થિક ક્ષેત્ર પ્રબળ કે પ્રાથમિક છે, કલ્પનાથી અન્ય પરિસ્થિતિઓમાં સામાજીક કે સાંસ્કૃતિક કે રાજકીય રૂપાંતરની પ્રક્રિયા આર્થિક રૂપાંતરને ચલાવી શકે. અને ખરેખર વણકરોના કિસ્સામાં પણ, આર્થિક રૂપાંતરે પોતેજ સામેલ થયું કે સંસ્થાકીય અને નાગરિક સમાજના હસ્તક્ષેપો સહિતનાં કેટલાંય પરિબળોથી પ્રભાવિત થયું હતું.

નીચેની આકૃતિ ૩ મુખ્ય તારણો દર્શાવે છે. કચ્છના વણકરોમાં આજીવિકા રૂપાંતરનાં વર્ણન.



૪.૨ રૂપાંતરના સમર્થકો

એકંદરે, વણકરોનાં રૂપાંતરના પ્રતિનિધિઓઅને ચાલકો અને વિરોધાભાસથી નીચે જણાવેલ કેટલાક અવરોહી બદલાવોમાં સમાવિષ્ટ છે:

- વણકરોની પોતાની કુશળતા, અનુકૂલનક્ષમતા,સ્થિતિસ્થાપકતા અને ઉદ્યમશીલતા, એક પારંપરિક હસ્તકળાને જાળવવા બાબતેની નિશ્ચિતતા અને તેઓ પૈકીના કેટલાક આગેવાનો દ્વારા પહેલ;
- ખાસ કરીને,મુખ્ય શહેર ભુજની નજીક રહેતા વણકરોની બહારની બજારો સુધીની પહોંચ; જેમાં જૈવિક કપાસ જેવાં પર્યાવરણ સંવેદી ઉત્પાદનોમાં રસ ધરાવતા ઉપભિક્તાઓમાં વધારો, કે સ્થાનિક આજીવિકામાં અથવા ફેશનમાં છે તેવાં 'વંશીય' વસ્ત્રોમાં યોગદાન આપી શકે તેવા 'જવાબદાર' ઉપભોક્તાઓ;
- હાથશાળ વણાટમાં ખમીર દ્વારા સીધા હસ્તક્ષેપો અને કચ્છ મહિલા વિકાસ સંગઠન અને ડીઝાઇનરો, સરકારી અધિકારીઓ, નવીનતા લાવનારાઓ સહિતના કેટલીક વ્યક્તિઓના મહિલા સશક્તિકરણનું સામાન્ય વાતાવરણ ઉભું કરવામાંઅન્યોના હસ્તક્ષેપો;
- ઔપચારિક શિક્ષણ સુધીની વ્યાપક પહોંચ, સાક્ષરતા ધડતર જેવામાં વ્યાપક ક્ષમતા જેવાં પૃષ્ઠભૂમિનાં પરિબળો;
- વ્યાપક કે સરળ ઉત્પાદન ક્ષમતા અને/અથવા બજારો સુધીની વ્યાપક પહોંચ, તે પૈકીની સૌથી આધુનિક એવી વીંટવા માટે કોન (શંકુ)નો ઉપયોગ કે જે પારંપરિક પધ્ધતિઓની સરખામણીએ જગા અને સમયમાં નોંધનીય ઘટાડો લાવે તેવી ક્ષમતા જેવા તકનીકી બદલાવો;
- વણકરો માટે જન્મજાત એવી સર્જનશીલતા અને નવીનતાને સુગમ બનાવવા માટે કુશળ હસ્તકળા શાળા અને સંસ્થાઓની ઉપલબ્ધતા;
- સ્થાનિક ઉદ્યોગગૃહ એટલેકે, પધ્ધર સ્પીનીન્ગ મીલ, ઉત્પાદન માટે ઓજારો/સાધનો/માલ પૂરો પાડે છે.

ખમીરમાં ૨૦૧૮માં યોજાયેલ કાલા કોટન પર પ્રદર્શન, જે હાથવણાટના ક્ષેત્રમાં થયેલ કામગીરીને ઉજાગર કરે છે.

આ અભ્યાસમાંથી કેટલાય વિશ્લેષણાત્મક મુદ્દાઓ ઉભરે છે. તેને બે શ્રેણીઓમા જોઇ શકાય.

૪.૩ રૂપાંતરોને ખોલીને બહાર કાઢવાં

૪,૩,૧ રૂપાંતરના પ્રકાર

રૂપાંતરના પ્રકાર વિશે અભ્યાસમાંથી કેટલાક બોધપાઠો શીખી શકાય:

- તાજેતરના સમયમાં વણકરોના કિસ્સામાં 'સંઘર્ષ'ના પ્રકારને મુખ્યત્વે આર્થિક એટલે કે,તેઓના વણકર તરીકેના વ્યવસાય સાથે સંબંધિત હોવા તરીકે જોવાય છે. આથી હસ્તક્ષેપો અને પહેલોનું ધ્યાન તેના ઉપર કેન્દ્રિત થયેલ છે જેઆર્થિક આજીવિકામાં રૂપાંતર તરફ દોરી જાય છે.સમુદાયનાં (જેવાં કે, જ્ઞાતિ, લિંગ અને સામાન્ય સંબંધોમાં) જીવનનાં અન્ય ક્ષેત્રોમાં રૂપાંતર આની સાથે જોડાયેલ છે, અલબત માત્ર આ નહીં, કારણ કે, કેટલાંય સામાજીક-સાંસ્કૃતિક પરિબળો પણ નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. અલબત, આર્થિક વૃધ્ધિ ઉપર મજબુત ધ્યાન કેન્દ્રિત હોવાને કારણે, એ શક્ય છે કે, અન્ય ક્ષેત્રો અને તત્વો જેવાં કે, પારિસ્થિતિક અસરો અને અસમાનતામાંનાં નકારાત્મક વલણો તરફ વધારે ધ્યાન નથી આપવામાં આવ્યું સિવાય કે, વ્યક્તિગત વણકરો અને ખમીર જેવી સંસ્થાઓ દ્વારા અને તે પણ પસંદગીની પધ્ધતિએ. આ એવું સૂચવે છે કે,રૂપાંતરનું એક આયામી ધ્યાન/લક્ષનાં અન્ય આયામોમાં (હવે પછીના મુદ્દા સથે જોડેલ) બન્ને, સકારાત્મક અને પ્રતિકૂળ પરિણામો હોઇ શકે. આનાં વધુ પાસાંઓમાં આગળ વધવું યોગ્ય રહેશે, જેવાં કે,એક આયામી લક્ષમાં કોણ જોડાયેલ છે કે આવુંકોઇ સભાન લક્ષ છે કે કેમ,તેનાં પરિણામોની બહુ આયામી પ્રકૃતિ કોણ જુએ છે અને વણકરો જાતે જ બિન આર્થિક આયામોનું મૂલ્ય કેવી રીતે કરે છે. (જેમાં આ અભ્યાસ કોઇ ઊંડાણમાં નથી ઉતર્યો).

- તેનો ખ્યાલ કરવો પણ મહત્વનો છે કે, આ કિસ્સામાં રૂપાંતરનાં આર્થિક આયામો શરૂઆતનું/પ્રસ્થાન બિંદુ લાગતું હોવા છતાં, તે નિર્ણાયક પરિબળને સંતાડી શકે જે જાતે આર્થિક રૂપાંતરને અગ્રભૂમિ તરફ દોરી જાય. દાખલા તરીકે,ઉપર જણાવ્યા અનુસાર,આમાં મહત્વનું એક પરિબળ વણકરોની સહજ અનુકૂલનશીલતા અને નવીનતા માટેની ક્ષમતા હોઇ શકે, જે સમુદાયના સાંસ્કૃતિક લક્ષણો સાથે જોડાયેલ છે(જેમાં આ અભ્યાસ કોઇ ઊંડાણમાં નથી ઉતર્યો). કોઇ પણ સમુદાયમાં કે સમાજમાં જીવનનાં બહુમુખી આયામો બહુ જટીલ રીતે પરસ્પર ક્રિયા-પ્રક્રિયા કરતાં હોય છે, અને એવું કહેવું અતિ સરળ હશે કે રૂપાંતર તે પૈકીના કોઇ એક સાથે શરુ થયું.

- શક્યત: આ અભ્યાસનો અતિ મહત્વના પૈકીનો એક બોધપાઠ તે છે કે,રૂપાંતર આંતરિક રીતે હાનિરહિત કે સુસંગત હોય તેવું જરૂરી નથી, એટલે કે,એક તત્વ કે ક્ષેત્રમાં સકારાત્મક વલણોની સાથે અન્યોમાં બન્ને, પૂરક કે વિરોધાભાસી વલણો પણ હોય. સમાજમાં રૂપાંતરનાં અવલોકન કે તેના એક ભાગ હોવામાં સામેલ કોઇપણ માટે આ ખરેખર આશ્ચર્યજનક નથી પરંતુ તેમ છતાં તે જાણવું રસપ્રદ અને મહત્વનું છે કે કોઇ એક ખાસ કિસ્સામાં આ જટીલ અને આંતરીક રીતે વિભિન્ન થયેલ પ્રક્રિયા કેટલો ચોક્કસાઇથી ભાગ ભજવે છે. વણકરોમાં આર્થિક રૂપાંતરણનું સામાજીક ક્ષેત્રમાં અસમાનતાનાઘટાડા સાથે પરંતુ આર્થિક અસમાનતામાં વધારા સાથે સાથે સ્પષ્ટ જોડાણ છે, અને તેનાં કેટલાંક આયામો પારિસ્થિતિક રીતે સંવેદી કે સકારાત્મક રહ્યાં છે ત્યારે અન્યો નોંધપાત્ર રીતે નથી. કેટલાંક પાસાં કુદરતી લાગે છે જેવાં કે,રાજકીય રોકાણો અને સશક્તિકરણનાં. .

- રૂપાંતરમાં વ્યક્તિથી સમુદાય સુધી અને બન્ને, જગા અને સમયમાં મજબુત સ્કાલર(માત્ર તીવ્રતા, દિશા નહીં) આયામ હોવાનું પણ જણાય છે. ઉપર વર્ણન કરેલ આર્થિક અને સામાજીક રૂપાંતરો, દાખલાતરીકે,વણકરોમાં, બન્ને,ભૌગોલિક રીતે અને વર્ગો માટે અસમાન છે. તેપુરૂષો અને મહિલાઓ માટે, પરિવારની અંદરની વ્યક્તિઓ માટે અને તે પ્રમાણે પણ અસમાન છે. દુન્યવી રીતે પણ રૈખિક હોય તેવું જરૂરી નથી; છેલ્લા કેટલાક દાયકાઓમાં બદલાવની સમયરેખાની સમજણ પણ એવું સૂચવે છે કે, કલ્યાણની લાગણીઓમાં વધ ઘટની સાથે રૂપાંતરનાં ઘટનાચક્ર હોઇ શકે છે; કેટલાક વડીલો એ બાબતે બોલ્યા કે,ભૂકંપ અગાઉના દાયકામાં કલ્યાણની લાગણીઓ કેવી હતી, અને ત્યારબાદ ઘટાડો અને હવે ફરીથી વધારો. શું ફરી પાછો એક નીચો તબક્કો આવશે જેમ દાખલા તરીકેકાલા કપાસનાં ઉત્પાદનોની બજાર કે સામાન્યપણે હાથવણાટનાં ઉત્પાદનો માટે સંતૃપ્ત થશે કે ઘટી જશે? વણકરો કહે છે કે, તેઓનાં ઉત્પાદનો માટે એક કે બીજી બજાર ખુલી જશે,અને એવું પણ સૂચવે છે કે,વણકરોનેએક્રીલીક્ના ઉપયોગ માટેની વિવિધતા માટે પણ મદદ કરવી જોઇએ. (ખાસ કરીને તેઓને કે જેઓને કાલા કપાસનો

ઉપયોગ કરવાનું મુશ્કેલ લાગે છે). તેમ છતાં,શું વિવિધતાનું કોઇ સ્વરૂપ વ્યાપક સ્થિતિસ્થાપકતામાં મદદ કરશે?

- ઉપર જુદાજુદા ભાગોમાં વર્ણન કર્યા મુજબ આ રૂપાંતરોનાં નિર્ણાયક સામર્થ્ય આયામો હોય છે, દા.ત. વણકરો અને બજાર વચ્ચે, ઉદ્યમીઓ અને પરચૂરણ કામા કરનારઓ વચ્ચે, મેઘવાલ (દલિતો[14]) અને અન્ય જાતિઓ વચ્ચે, પુરૂષો અને મહિલાઓ વચ્ચે, વડીલો અને યુવાનો વચ્ચે, વણકરો અને બાહ્ય સંસ્થાઓ/સંશોધકો વચ્ચે અને તે મુજબ સામર્થ્ય સંબંધો હોય છે. આ બધામાં,સામર્થ્ય ગતિશીલતામાં બદલાવો છે, કેટલાક કિસ્સાઓમાં વ્યાપક સમાનતા/નિષ્પક્ષતાની, અને અન્ય તમામમાં ચાલુ રાખવા કે નવી અસમાનતા/અન્યાયીપણાં તરફની શું વધારે સમાનતા તરફ સત્તા/સામર્થ્યની એકંદર પૂન:વહેંચણી છે?આવું કહેવું અઘરૂં છે, પરંતુ મજબુત (સર્વત્ર નહીં) વર્ણનછે કે, આજની પરિસ્થિતિ આ શતાબ્દીની શરૂઆતમાં કે તેથી અગાઉ હતી જ્યારે પારંપરિક જાતિ અને લૈંગિક સંબંધો મજબુતાઇપૂર્વક/ ભારપૂર્વક કિલ્લેબંધ થયેલા હતા, તેના કરતાં,સ્પષ્ટપણે ઓછી દમનકારી અને શોષણાત્મક છે.

- વણકર સમાજમાં ધરબાયેલ નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોના પ્રકારોમાં વધારે ઊંડા અને વધારે સ્પષ્ટપણે જવાની બહુ ઓછી તક હતી,અને એકંદર રૂપાંતર સાથે તે કેવી રીતે બદલાતી હશે, ત્યારે કેટલાક સ્પષ્ટોચ્ચારણો આપણને ઝલક આપે છે. દાખલા તરીકે,કામમાં સામુહિક ભાવના અને વ્યક્તિવાદનાં સંતુલનમાં,ડીઝાઇન અને ઉત્પાદન નવીનતાની સતત આપ-લે પૂર્વોક્તમાં પ્રદર્શિત થતી હતી, જ્યારે પાછલામાં વ્યક્તિગત ઉદ્યમીઓએ પોતાના વ્યક્તિગત માર્ગોની બનાવટ કરી છે અને નીતિવિષયક મુદ્દાઓ ઉપર સામુહિક ગતિશીલતાની ગેરહાજરીનો માર્ગ છે. જ્યારે પૂછવામાં આવ્યું, વણકરોના એક ભાગમાં આર્થિક અસમાનતા અને ગરીબી ચાલુ રહેવાની કે તેનાં નવાં સ્વરૂપના મુદ્દા બાબતે ચિંતા/નિસબત છે; પરંતુ હજી સુધી તેના નિરાકરણ માટેનાં પગલાંની ગેરહાજરી છે.પુરૂષ અને મહિલાઓ વચ્ચેની અસમાનતા પણ એક વધતું જતું મૂલ્ય હોઇ શકે; આપણા પાસે તેને સાબિત કરવા માટે પાયાનો કોઇ અભ્યાસ નથી,પરંતુ કેટલીક મહિલાઓ દ્વારા કરવામાં આવતા દાવા/રજૂઆત અને તેની જરૂરીયાત માટેકેટલાક પુરૂષો દ્વારા કરવામાં આવેલ સ્વીકાર પ્રમાણમાં તાજેતરની ઘટના લાગે છે. એ પણ શક્ય છે કે, આ અભ્યાસની કેટલાક મહિનાઓની ચર્ચાઓએ જાતેજ વણકરોમાં કેન્દ્રસ્થ મૂલ્યો ઉપર નવાં કે વધારે પ્રતિબિંબો ઉત્પન્ન કર્યાં હોય, જેનો પ્રભાવ માત્ર લાંબા ગાળે સ્પષ્ટ થશે. વણકરોના પારંપરિક વિશ્વદર્શન સાથે આ બધાં તેઓના ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાઓમાં પ્રગટ થયા મુજબ કઇ રીતે સંબંધિત છે તેના માટે વધારે અભ્યાસની જરૂર પડશે

અવધનગરના વણકર બહેનો સાથે અભ્યાસ બાબતે ચર્ચા

14. દલિત શબ્દના ઉપયોગ બાબતે અગાઉના પ્રતિરોધની નોધ લો, જે રીતનું સંબોધન ઘણા વણકરોને પસંદ નથી.

- ACKnowl-EJ નો મુખ્ય પક્ષ રૂપાંતરીય/પરિવર્તનીય પ્રક્રિયાઓ (એટલે કે,જે અન્યાયનાં વ્યવસ્થિત કે માળખાંકીય કારણોને પડકારો છે અને/અથવા તેના વર્તમાન વિકલ્પો છે) એ સુધારાત્મક કરતાં જુદી છે. અલબત, થોડે ઘણે અંશે ઉપર નોંધેલ જટીલતાને કારણે તે બન્ને વચ્ચે ભેદ પાડવો હમેશાં સહેલો કે શક્ય નથી. દાખલા તરીકે:

o જો સમુદાયના કેટલાક ભાગોમાં જો રૂપાંતર હોય પરંતુ અન્યોમાં ન હોય તેવા કિસ્સામાં;

o જો કેટલાંક તત્વો/ક્ષેત્રોમાં રૂપાંતર હોય પરંતુ અન્યોમાં પીછેહઠ હોય;

o જો અન્યાયની અભિવ્યક્તિમાં નોંધપાત્ર બદલાવ હોય, દા.ત. ગરીબાઇ, સંઘર્ષ, આજીવિકા અસલામતિ, વિસ્થાપન અને વિનાનું થવું વગેરે, પરંતુ તેનાં મૂળ કારણો જેવાં કે, મૂડીવાદ, મરદાનગી/પુરૂષત્વ, વગેરેમાં દેખીતી રીતે નહીં;

o જો એક પરિસ્થિતિના વ્યવસ્થિત/માળખાંકીય પાસાંઓમાં રૂપાંતર હોય પરંતુ જરૂરીપણે મૂલ્યોમાં નહીં, દા.ત. પુરૂષત્વ કે જાતિવાદમાં ઘટાડો પરંતુ સમાનતામાંજરૂરીપણે એકંદર મૂલ્યમાં વધારો નહીં.

તદુપરાંત,કોઇ પણ સમયે એ નક્કી કરવું મુશ્કેલ થશે કે,થઇ રહેલા બદલાવો, જે હયાત પ્રણાલી/પધ્ધતિમાં જગા બનાવવામાં સુધારાત્મક લાગે છે, રૂપાંતરણ તરફ દોરી જાય કારણ કે,આખરે પધ્ધતિની હદો/મર્યાદાઓનેબ્રેકીન્ગ પોઇન્ટ સુધી ધકેલે છે. રૂપાંતર ઓચિતું કે ક્રમિક હોઇ શકે અને પાછલા કિસ્સામાં નક્કી કરવું મુશ્કેલ હોઇ શકે.

વણકરોમાં જોવા મળેલ કેટલાક બદલાવોને રૂપાંતર્ણીય/પરિવર્તનીય જોઇ શકાય કેમ કે તે તેઓ અન્યાયનાં માળખાંને પડકારે છે, પરંતુ અન્યો જેઓ સ્થિર કે પ્રતિબંધાત્મક છે તેઓ દ્વારા વિરોધ કરાય છે. મૂડીવાદ કે આંકડાવાદનાં માળખાંઓને સ્પષ્ટપણે કે મજબુતાઇથી પડકારવામાં નથી આવતાં, અલબત તેનાં તત્વોને. (જેવા કે, શ્રમની જુદાઇ,અથવા જેઓ રાજ્ય પરિબળોની દયા ઉપર છે)એ સ્પષ્ટ નથી કે, સામાજીક ન્યાય, સમાનતા અને ન્યાયીપણું, પારિસ્થિતિક ટકાઉપણું અને અન્યો જે સમાજનાં એકંદર સકારાત્મક રૂપાંતરના પાયામાં હોય તે મજબુત બની રહ્યાં છે કે નહીં. તેથી આ અભ્યાસ, વણકર સમુદાયમાં આવી રહેલા એકંદર બદલાવો એક વિકલ્પ (પ્રસ્તાવનામાં વ્યાખ્યાયિત કર્યા મુજબ) તરફનું રૂપાંતર છે કે કેમ તે બાબતે કોઇ નિર્ણાયક નિવેદન નથી કરતો;સૌથી ચોક્કસપણે, સાકલ્યવાદી અને સંકલિત અર્થમાં તે તેવું નથી.

૪.૩.૨ માનવ સંસ્થાનો સ્વભાવ/પ્રકૃતિ

સમર્થકોની ભૂમિકા, સીધી અને આડકતરી પણ આ અભ્યાસમાં રસપ્રદ રીતે ઉભરી આવી છે:

- જ્યારે રૂપાંતરના કેટલાક દેખાય તેવા પ્રતિનિધિઓ અથવા સમર્થકો છે, જેવા કે આ કિસ્સામાં સંસ્થા તરીકે ખમીર, બહારની બજાર અને વણકરોમાં આગેવાની,પૃષ્ઠભૂમિ માળખાંકીય અથવા આડકતરાં પણ છે જેને વધારે શોધી કાઢવાની અને પૃથક્કરણ કરવાની જરૂર છે. આમાં તકનીકી નવીનતા (બન્ને, ઉત્પાદન પ્રક્રિયા તેમજ ઓન લાઇન મંચ જેવાં વેંચાણ માટે), વિવિધ પ્રકારનાં જ્ઞાન અને માહિતીની ઉપલબ્ધતા,શિક્ષણ માટે સામાન્ય કુશળતા પૂરી પાડતી તકો અને તાલીમ સંસ્થાઓનો (કુશળ કારીગર હસ્તકળા શાળાઓ જેવી) સમાવેશ થાય છે. એ શક્ય છે કે, આવા ઘોડાઓ પૈકીના એક વગર પણ, સ્થિતિના એકંદર ચિત્રમાં મજબુતતા થઇ શકીહોત. વધારે પડતો ઊંડો અને લાંબા અભ્યાસ વગર,આ પૈકીના કોઇ પણ એક અથવા બેને અતિ મહત્વના તરીકે નિર્દેશિત કરવો અથવા તેની અસરનો ભારાંક મુકરર કરવો અથવા તેઓની અંદર ઉલટ પ્રભાવોનું મૂલ્યાંકન કરવું,અથવાભારતમાં જ્યાં હાથશાળ વણાટકામ ઘટ્યું હતું અને અન્ય જગાઓમાં ગેરહાજર હતું અને અહીં જેણે કામ કર્યું તે સમર્થક પરિબળોનાં એક ચોક્કસ સંયોજનનું મૂલ્યાંકન કરવું અશક્ય છે. આવો અભ્યાસ, એક વખત તેની જાણ થાય અથવાદ્રશ્યમાન બને ત્યાર બાદ,કેવી રીતે માનવ સંસ્થાને આડકતરા કે માળખાંકીય પ્રભાવો સહન કરવા માટે લાવી શકાય તે તરફ પણ નજર કરી શકે

- મેળવાયેલી એક બીજી આંતરસુઝ,'જોડાણો' જે રૂપાંતરમાં ઘડે છે (અથવા, એટલું જ મહત્વનું કે નથી) તેને લગતી છે. તે સ્પષ્ટ અથવા ગર્ભિત, નિયમિત અથવા છૂટાછવાયા, ઔપચારિક અથવા બિન ઔપચારિક, દ્રશ્ય અથવા અદ્રશ્ય હોઇ શકે. વણકરો અને ખમીર અથવા કારીગર કુશળ હસ્તકળા શાળાઓ જેવી સંસ્થાઓ વચ્ચે જે હોય તે સ્પષ્ટ, ઔપચારિક, નિયમિત અને દ્રશ્ય છે, જ્યારે વણકરો અને કેટલીક વ્યક્તિઓ/સંગઠનો જેઓએ ગત કેટલાક દાયકાઓમાં રૂપાંતરમાં દા. ત. કેટલીક નવી તકનીકો શરૂ કરીને અથવા યુરોપમાં વણાટ કરેલાં ઉત્પાદનો બાબતે માહિતી પ્રસાર માટે મદદ કરી છે તેઓ વચ્ચે કદાચ ઓછી ઔપચારિક, છૂટીછવાઇ અને ક્યારેક અદ્રશ્ય પણ હોઇ શકે. વણકરો અને નવી તકનીકો, જેવી કે,ઓન લાઇન વેંચાણ સાધનોનો વિકાસ કરતા લોકો વચ્ચે સંપૂર્ણપણે દ્રશ્ય અને તેને જોડાણ કહેવું પણ કદાચ લાંબું થઇ પડે, પરંતુ તેમ છતાં એક કડી છે જેનું રૂપાંતર માટે મહત્વ છે. અને ત્યારબાદ જોડાણો છે જે જેણે ઘડતર ન કર્યું હોય, જે પણ મહત્વનું છે; દાખલા તરીકે, વિપરીત અસર કરતી સરકારી નીતિઓ સામે વણકરોમાં સામુહિક ગતિશીલતાનો અભાવ.

વિવિધ પ્રદર્શનો, ઉત્સવો અને મેળાઓ મારફતે બહારની બજારો સુધી પહોંચતા વણકરો.

- આ પરિણામોની મહત્વની નીતિવિષયક અસરો તે છે કે,વધારે ટકાઉ, સુસંગત, સાકલ્યવાદી રૂપાંતર માટે સુગમતા માટે બહારના નાગરિક સમાજ અને/અથવા સરકાર દ્વારા સહાયની જરૂરત હોય. એક ઉદાહરણ તરીકે, કાલા કપાસમાં બદલવા માટે સંઘર્ષ કરતા વણકરો અથવા પરચૂરણ કામ કરનારા વણકરો પાસે ઉદ્યમી બનવા માટે પોતાની મૂડી નથી તેઓને આવા બહારના લોકો (અથવા આવા લોકો વધારે સમૃધ્ધ વણકરોને જાતે આવા સુવિધાકર્તા બનવા માટે સમજાવી શકે) દ્વારા ખાસ માવજત/ધ્યાન મળી શકે. કેટલાક બદલાવો જે સામાજીક-આર્થિક ન્યાય અથવા પારિસ્થિતિક ટકાઉપણાની દ્રષ્ટીએ પ્રતિબંધાત્મક અથવા નકારાત્મક છે તેને ઉલ્ટાવવામાં આ નિર્ણાયક પરિબળો હોઇ શકે; જ્યાં આવા બદલાવો અકારણ છે, તેને ઉલ્ટાવવા માટે વ્યુહરચનાનું આયોજન કરવું પડશે.

૫. ભવિષ્ય

અભ્યાસનાં પરિણામો કેટલાક મુદ્દાઓ તરફ નિર્દેશ કરે છે જે વણકર સમુદાય અને તઓ સાથે કામકરતી સંસ્થાઓ, ખાસ કરીને ખમીરનાં લક્ષની જરૂર છે. અમે તો સરકારની પણ કહેશું, સિવાય કે સરકારની સંબંધિત સંસ્થાઓમાં તેમાં રસ હોવાના હજી સુધી ઓછા પુરાવા. ખાસ કરીને, ઉદ્યમીઓ અને પરચૂરણ કામ કરનારાઓ વચ્ચે અસમાનતાના આર્થિક મુદ્દાઓ, વણકરોના એક વર્ગમાં સતત તકલીફ/હતાશા, આજીવિકા તકો સુધીની પહોંચમાં ભૌગોલિક અસંતુલન; અને પારિસ્થિતિક પદચિન્હ મુદાઓ આવું ધ્યાન ખેચવા લાયક છે.

ઘણી બધી ગણતરીઓએ, વણકર સમુદાય ભવિષ્ય માટે બન્ને,ચિંતિત તેમજ આશાવાદી છે. તેને ખ્યાલ/ભાન છે કે,મેક્રો-આર્થિક પરિસ્થિતિ અનિવાર્યપણે અનુકૂળ નથી, કે યુવાનોને ઘણી અન્ય આકાંક્ષાઓ છે, કે બહારની બજારો ઉપરની નિર્ભરતા અનિવાર્યપણે સુરક્ષિત નથી.અન્ય પ્રાથમિક ક્ષેત્રની પ્રવૃતિની જેમ વણાટકામ સંખ્યાબંધ મેક્રો-આર્થિક પરિબળોને આધિન રહે છે જે ઉત્પાદકોનાં નિયંત્રણમાં કે તેઓના પ્રભાવમાં પણ નથી. અલબત,વણકર સમુદાયને આશા છે કે, તેઓની અનુકૂલનશીલતા અને સ્થિતિસ્થાપકતા ભૂતકાળની માફક તેઓને ટકી જવામાં મદદરૂપ બનશે,કે હાલનો ઉન્નતિનો સમયગાળો ચાલુ રહી શકે ખાસ કરીને જો વણકરો સતત નવીનતા અને બજાર 'ઉભી' કરી શકે, અને ખમીર અને કારીગર કુશળતા શાળાઓ જેવી સંસ્થાઓ સહાય કરવાનું ચાલુ રાખે. વરિષ્ઠ વણકરોને ખ્યાલ છે કે,તેઓએ વધારે સામુહિક કામ કરવું જરૂરી છે (સહકારીઓ, પરસ્પર સહાય, હિમાયત) યુવાનો અને મહિલાઓને ઉત્તેજિત અને પ્રોત્સાહિત કરવા માટે વિશેષ પ્રયત્નોની જરૂર છે અને અસમાનતા અને પારિસ્થિતિક પ્રભાવો જેવા મુદ્દાઓની ચર્ચા કરવી અને તેને નાથવા જરૂરી છે. વણકર યુવાનો અને મહિલાઓને એવું લાગે છે કે, તેઓનાં વધારે સશક્તિકરણથી, તેઓના આજીવિકા વિકલ્પોમાં સતત વધારા માટે આશા રાખી શકે.

અલબત, તેઓ પૈકીના કોઇ પણ માટે આનાથી આગળનાં ભવિષ્યની કલ્પના કરવી મુશ્કેલ છે,કારણ કે, આ પૈકીના ઘણા મુદ્દાઓ તાજા અથવા માત્ર તાજેતરમાં જ ચર્ચાઓમાં આવ્યા છે. વણકરોના મોટા અને પ્રભાવી સમુહમાં અર્થસભર સંવાદ થઇ શકે કે એક્મ અને શું તે તેઓની પોતાની અને ખમીર જેવી સંસ્થાઓ સાથેકેટલાક સંબંધિત હસ્તક્ષેપો તરફ દોરી જાય કે કેમ તે તો માત્ર ભવિષ્યમાં જ કહી શકાય. વણકરોમાં આ મુદ્દાઓએ વાતચીતની પહેલ કરીને અથવા તેને પ્રોત્સાહિત કરીને આ અભ્યાસ જાતે જ એક નાના ધોડા/કલ તરીકે કામ કરી શકે. દાખલા તરીકે,અભ્યાસનાં પરિણામની ચર્ચા કરવા માટેની એક આખરી મિટિંગ/બેઠકમાં, કેટલાક વડીલ વણકરોએ એવો પ્રસ્તાવ મૂક્યો કે,ભાવિ દૂરદર્શિતાઓ માટે કચ્છ વીવર એસોસીએશનએ યુવાનો સાથે એક બેઠક ગોઠવવી જોઇએ. આ અભ્યાસનાં જુદાં જુદાં પરિણામો (તેનાં મહત્વનાં તારણો સંબંધિત ૬ ટૂંકી ફિલ્મો સહિત) પરિપત્રિત થાય અને વંચાય/જોવાય/સંભળાય એટલે આવી આગળ ઉપરની વાતચીત થઇ શકે. આ તમામ બોધપાઠો/ક્રિયામૂલક શિક્ષણને આધારે, બન્ને, વણકરો જાતે અને ખમીર જેવી સંસ્થાઓ વધારે રૂપાંતર માટે સમર્થક ભૂમિકા ભજવવાનું ચાલુ રાખી શકે.

સંદર્ભો

Bakshi, Rajni. 2017. 'Future bazaar in India', in Kothari, Ashish and KJ Joy (eds), *Alternative Futures: India Unshackled,* Authors Upfront, Delhi.

Basole, Amit. 2018. 'The skilled and the schooled: India's struggles over what counts as knowledge', *The Caravan,* January, pp. 82–91.

Marx, Karl. 1964. *Economic and Philosophic Manuscripts of 1844,* International Publishers, New York.

Sadgopal, Anil. 2016. 'An agenda of exclusion: 'Skill India' or Deskilling India', *Economic and Political Weekly,* Vol. 51, Issue No. 35, 27 Aug.

Shrivastava, Aseem and Ashish Kothari. 2012. *Churning the Earth: The Making of Global India.* Viking/ Penguin: Delhi.

Sundar, Aparna. 2018. 'Skills for work and the work of skills: community, labour and technological change in India's artisanal fisheries', *Journal of South Asian Development* 13(3), 1-21.

આ અભ્યાસ કચ્છ (ગુજરાત, ભારત) ના વણકર સમુદાય, જે હાથ વણાટ કળાને એવા સમયે પુન: જીવંત કરવા સાથે જોડાયેલો છે, જ્યારે તે લગભગ નામશેષ થવાની પરિસ્થિતીમા હતી, તેમની આજીવિકામાં આવી રહેલા બદલાવના બહુઆયામી પરિમાણોના સંદર્ભમાં હાથ ધરવામાં આવ્યો છે. વૈકલ્પિક પરિવર્તન માળખા તરીકે ઓળખાતા સહભાગી પૃથ્થક્કરણ સાધનનો ઉપયોગ કરીને અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં આ સમુદાયના લોકોના જીવનમાં આવેલા આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, રાજકીય અને પર્યાવરણીય બદલાવોની આકારણી કરવામાં આવી છે. આ અભ્યાસનો હેતુ એ સમજવાનો હતોકે વાસ્તવમા આ બદલાવ ન્યાય અને સ્થાયીત્વની દિશામાં છે કે નહીં.

અભ્યાસની ફલશ્રુતિ પરિવર્તનની ચાર હકારાત્મક લાક્ષણિકતાઓ જોવા મળી હતી: સુખાકારી (વિશેષત: આર્થિક) માં એકંદર વધારો અને તમનામાં આ કળા પ્રત્યે પ્રવર્તી રહેલી પોતીકાપણાની ભાવના તેમજ આ કળા એ તેમની આગવી ઓળખ હોવાની લાગણી; યુવા પેઢીનું વણાટકામ તરફ પાછા ફરવું અથવા પાછા ફરવામાં નડી રહેલા અવરોધો; જાતિ જ્ઞાતિ અને પેઢીગત અસામનતાઓને ઓછી કરવાની દિશામાં જોડાયેલા પરિવર્તનો; તેમજ કચ્છી વણાટના હાર્દને જાળવી રાખવા માટે અલગ અલગ સંસ્કૃતિઓમાંથી મેળવેલ જ્ઞાન, શિક્ષણ અને તક્નીકી જાણકારીના ઉપયોગ ધ્વારા અદભૂત નવીનતમ પ્રયોગો અને સર્જનાત્મકતા.

જો કે, આ અભ્યાસમાંથી એ બાબત તરફ પણ ધ્યાન કેન્દ્રિત થયુ હતુ કે વણકરોના (ઉદ્યોગ સાહસિકો અને વણાટ કાર્યકરો) બે વર્ગો વચ્ચે આર્થિક અસમાનતાની ખાઇ પહોળી થઇ રહી છે; કાચો માલ અને ઉત્પાદનો માત્ર સ્થાનિક બજારો સુધી સીમિત ન રહેતાં, તેનો વ્યાપ રાષ્ટ્રીય અને વૈશ્વિક બજારો સુધી વિસ્તર્યા હોવાને કારણે પર્યાવરણ પર તેની હાનિકારક અસરો થઇ રહી છે, તમ છતાં, સ્થાનિક કક્ષાએ ઉત્પાદિત થતા સજીવ કપાસના વપરાશમાં વધારો થવાને કારણે પર્યાવરણીય અસરોને કંઇક અંશે નિયંત્રણમાં રાખી શકાય છે; તેમજ વણકરોમાં આજીવિકા સંબંધિત સામૂહિક સજ્જતાનો તદન અભાવ.

આ અભ્યાસમાં, આ પ્રકારના બદલાવ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર ચાવીરૂપ ઘટકોની પણ છણાવટ કરવામાં આવી હતી, જેમાં એજન્સીની ભૂમિકા અને બદલાવ લાવવામાં યોગદાન આપનાર ચાવીરૂપ સંજોગો (અર્થતંત્ર અને સમાજમાં) નો સમાવેશ થાય છે. આમાં એ તરફ પણ ધ્યાન આપવામાં આવ્યુ હતુ કે સુખાકારીની દિશામાં આવી રહેલા બદલાવ કેટલા અંશે સ્થાયી અથવા હંગામી છે. તેમજ સ્થિર અને ન્યાયિક બદલાવ માટે જરૂરી ચાવીરૂપ પગલાં અંગે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

અભ્યાસના એક સ્પષ્ટ - પેટા હેતુ તરીકે “પર્યાવરણીય અસરોની આકારણી” કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત કાલા કપાસ અને બીટી કપાસની અસરોની સરખામણી કરવામાં આવી હતી. જેમાં એ બાબત સ્પષ્ટ થઇ હતીકે કાલા કપાસની પર્યાવરણીય અસરો ઘણી ઓછી છે.

આ અભ્યાસ ત્રણ સહભાગીઓ દ્વારા સંયુક્તપણે હાથ ધરાયો છે: કલ્પવૃક્ષ, ખમીર અને વણકર સમુદાયના કેટલાંક વડીલ સભ્યો ધ્વારા વણકર સમુદાયનું પ્રતિનિધિત્વ કરવામા આવ્યુ હતુ.. કલ્પવૃક્ષ માટે, તે તેના ગ્લોબલ એક્શન રીસર્ચ પ્રોજેક્ટ, એકેડેમિક એક્ટીવીસ્ટ કો જનરેશન ઓફ નોલેક ઓન એનવાઇરોનમેન્ટલ જસ્ટીસ (ACKnowl-EJ)નો એક ભાગ હતો, જ્યારે ખમીર માટે તે વણકરો સાથેની તેમની કામગીરીની અસરોને સમજવાનો અને ભાવિ આયોજનઓ માટેની ગહન સમજણ પ્રાપ્ત કરવાનો એક પ્રયાસ હતો.

આ અભ્યાસ નો અંગ્રેઝી અહેવાલ મળશે આ લિંક પર:
https://kalpavriksh.org/publication/sandhini-weaving-transformations-in-kachchh-india-key-findings-and-analysis/
અને સંપૂર્ણ અહેવાલ માટે લખો: ashishkothari@riseup.net.

KALPAVRIKSH कल्पवृक्ष

KHAMIR

ACKNOWL EJ

International Science Council
The global voice for science